સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 01 [27/12/20 to 02/01/21]

2021

HAPPY NEW YEAR

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


POLICE INSPECTOR

FREE MOCK INTERVIEW

Expert પેનલની સામે Mock Interview



પૂર્ણ તૈયારી ધરાવનાર ઉમેદવારો માટે તક

Live Recorded Video દ્વારા સ્વઃનિરિક્ષણ

Free Register Your Name
93280-01110

@ Rajkot Center

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**27 DEC-2020**

- દિવસ મહિમા : 27 ડિસેમ્બર, મહામારીની તૈયારી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 01
- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની કેન્દ્ર શાસિત પ્રદેશ દીવની ત્રણ દિવસની મુલાકાત ..... 01
- ઈસરો દ્વારા ચંદ્રયાન-2 મિશનનો પ્રારંભિક ડેટા જાહેર ..... 02
- શહેરી બાબતોના મંત્રાલય દ્વારા 'ઈ-સંપદા' નામની મોબાઈલ એપ અને પોર્ટલ લોન્ચ ..... 03
- મધ્યપ્રદેશમાં ભારતની પ્રથમ હોટ એર બ્લૂન સફારીનો પ્રારંભ ..... 03
- તાનસેન સંગીત સમારોહનું આયોજન ગ્વાલિયરમાં કરવામાં આવ્યું ..... 04
- QUESTIONS & ANSWERS ..... 05

**28 DEC-2020**

- ICC એ દાયકાની વન-ડે, T-20 અને ટેસ્ટ ક્રિકેટ ટીમ જાહેર કરી ..... 07
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર'ના વિભાગનું ઉદ્‌ઘાટન ..... 09
- ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ, 2020ની જાહેરાત ..... 10
- ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશને મોનપા હસ્તનિર્મિત પેપર યુનિટની સ્થાપના કરી ..... 11
- QUESTIONS & ANSWERS ..... 12

**29 DEC-2020**

- વડાપ્રધાનશ્રીએ દિલ્હીમાં દેશની સૌપ્રથમ ડ્રાઈવરલેસ ઓટોમેટેડ મેટ્રોનો શુભારંભ કર્યો ..... 14
- ICC એ દશકાના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરો જાહેર કર્યા ..... 15
- વડાપ્રધાનશ્રીએ દેશની 100મી કિસાન રેલને લીલી ઝંડી આપી ..... 15
- પ્રધાનમંત્રી આવાસ યોજના એવોર્ડ્સમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરાવવાની નાગરિક સંસ્થા વિશાખાપટ્ટનમ મ્યુનિસિપલ કોર્પોરેશન ..... 16
- કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રીએ લદાખમાં હવામાન વિજ્ઞાન કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું ..... 17
- QUESTIONS & ANSWERS ..... 18

**30 DEC-2020**

- ગુજરાત સરકારની નવી સોલાર પાવર પોલિસી, 2021 ..... 20
- વડાપ્રધાનશ્રીએ 'નેશનલ કોમન મોબિલિટી કાર્ડ' શરૂ કર્યું ..... 21
- ભારતની પ્રથમ ન્યુમોનિયા રસી 'ન્યુમોસિલ' ..... 22
- કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે દેશના આઠ સમુદ્ર તટો પર આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ લહેરાવ્યો ..... 22
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસને મંજૂરી ..... 23
- QUESTIONS & ANSWERS ..... 25

**31 DEC-2020**

- વડાપ્રધાન શ્રીના હસ્તે રાજકોટ ખાતે નિર્માણ થનાર AIIMSનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત ..... 27
- પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા 'ડિજિટલ ઓશન' પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું ..... 27
- કેન્દ્રીય મંત્રીશ્રી ડો. હર્ષવર્ધનની GAVI બોર્ડમાં નિમણૂક ..... 28
- ભારતીય રેલવેએ નવી વિસ્ટાડોમ પર્યટક કોચોના ટ્રાયલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું ..... 29
- કૃષ્ણાપટનમ અને તુમકુરુ ઔદ્યોગિક ક્ષેત્રોમાં ઔદ્યોગિક કોરિડોર નોડ્સના નિર્માણને મંજૂરી ..... 30
- QUESTIONS & ANSWERS ..... 31

**01 JAN-2021**

- દિવસ મહિમા : 1 જાન્યુઆરી, વૈશ્વિક પરિવાર દિવસ (Global Family Day) ..... 32
- PFRDAએ નેશનલ પેન્શન સિસ્ટમમાંથી બહાર નીકળવા માટે ઓનલાઈન વિકલ્પની જાહેરાત કરી ..... 32
- નાગાલેન્ડને 'AFSPA' હેઠળ 'ડિસ્ટર્બ્ડ એરિયા' જાહેર કરાયું ..... 33
- સહાયક એનજી : ભારતના પ્રથમ સ્વદેશી એર ડ્રોપ્ડ કન્ટેનરનું સફળતાપૂર્વક પરીક્ષણ ..... 34
- કેન્દ્રીય વિદેશ મંત્રાલય દ્વારા 'ગ્લોબલ પ્રવાસી રિશ્તા પોર્ટલ' અને મોબાઈલ એપ લોન્ચ ..... 35
- QUESTIONS & ANSWERS ..... 36

**02 JAN-2021**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'GHTC-ભારત' અંતર્ગત 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ'નો શિલાન્યાસ કર્યો ..... 37
- RoDTEP યોજનાનો લાભ તમામ નિકાસ પામતાં માલ સુધી પહોંચાડવામાં આવશે ..... 38
- કોવિડ-19 કટોકટી દરમિયાન 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' હેઠળ 14 કરોડથી વધુ ગેસ સિલિન્ડરો પ્રદાન કરવામાં આવ્યા ..... 39
- RBIએ ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સ બહાર પાડ્યો ..... 40
- QUESTIONS & ANSWERS ..... 42
- ONE LINER ..... 44
- QUESTION OF THIS WEEK ..... 50



JOIN WHATSAPP GROUP joinicerajkot.com

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like | comment | share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT

## દિવસ મહિમા : 27 ડિસેમ્બર,
## મહામારીની તૈયારી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ
## (International Day of Epidemic Preparedness)

## રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની કેન્દ્ર શાસિત પ્રદેશ દીવની ત્રણ દિવસની મુલાકાત

- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કેન્દ્રશાસિત પ્રદેશ દીવની ત્રણ દિવસની મુલાકાત લીધી હતી.
- આ મુલાકાત દરમિયાન દીવના **મલાલા ઓડિટોરિયમ**માં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે અનેક યોજનાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે દીવના પ્રખ્યાત **ગંગેશ્વર મંદિર**માં પૂજા અર્ચના કરી હતી અને વિવિધ વિકાસના કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું.
- **દીવના ઈતિહાસ**ને ઉજાગર કરતા **પુસ્તક**નું પણ રાષ્ટ્રપતિના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રપતિશ્રીએ દીવની આ મુલાકાત દરમિયાન **INS ખુકરી મેમોરિયલ સ્મારક સ્થળ**નું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### INS ખુકરી

INS ખુકરીએ એક **યુદ્ધ જહાજ** હતુ જે **'ટાઈપ-14** અથવા **'બ્લેકવુડ શ્રેણી'**નું હતું.

- તેનું નિર્માણ **બ્રિટન** દ્વારા કરવામાં આવ્યું હતું.
- વર્ષ 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ દરમિયાન આ જહાજ દીવના દરિયાકાંઠે ડૂબી ગયુ હતું.
- INS ખુકરીએ આઝાદી પછી યુદ્ધ દરમિયાન ખોવાઈ જનાર અથવા ડૂબી જનાર એકમાત્ર યુદ્ધ જહાજ છે.
- INS ખુકરી જ્યારે ડૂબી ત્યારે તેમાં તેના **કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા** પણ શહીદ થયા હતા. મહેન્દ્રનાથ મુલ્લાને **મરણોપરાંત** બીજો સર્વોચ્ચ મિલિટરી પુરસ્કાર **'મહાવીર ચક્ર'** એનાયત કરવામાં આવ્યો હતો.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE

icerajkot

## ઈસરો દ્વારા ચંદ્રયાન-2 મિશનનો પ્રારંભિક ડેટા જાહેર

ભારતીય અવકાશ સંશોધન સંગઠને (ISRO) તાજેતરમાં ચંદ્રયાન-2 મિશનમાંથી મેળવેલ ડેટાનો પ્રથમ સેટ જાહેર કર્યો હતો.

- ઈસરો દ્વારા જાહેર કરવામાં આવેલ આ ડેટા **'પ્લેનેટરી ડેટા સિસ્ટમ (વર્ઝન-4)'** દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.
- ઈસરોએ **'પ્રદાન (PRADAN) પોર્ટલ'** મારફતે આ ડેટા જાહેર કર્યો હતો.
- પ્રદાન પોર્ટલનું સંચાલન **'ઈન્ડિયન સ્પેસ સાયન્સ ડેટા સેન્ટર (ISSDC)'** દ્વારા કરવામાં આવે છે.

### ચંદ્રયાન-2 મિશન વિશે

- ચંદ્રયાન-2 **22 જુલાઈ, 2019**ના રોજ **આંધ્રપ્રદેશ**ના **શ્રી હરિકોટા** ખાતે આવેલા **સતીષ ધવન સ્પેસ સેન્ટર** પરથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન-2 મિશન અંતર્ગત **'વિક્રમ લેન્ડર'**ને **ચંદ્રના દક્ષિણ ધ્રુવ** પર ઉતારવાની યોજના હતી. જોકે, વિક્રમ લેન્ડર ક્રેશ થઈ જતાં તેનું ઉતરાણ સફળ થયું ન હતું.
- આ મિશન દરમિયાન **ઓર્બિટર** ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન-2 અંતર્ગત **મુખ્ય 3 મિશનો** હતા.

(1) ઓર્બિટરને ચંદ્રની ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવું

(2) વિક્રમ લેન્ડરને ચંદ્રની સપાટી પર ઉતારવું

(3) 'પ્રજ્ઞાન રોવર'ની મદદથી ચંદ્રની સપાટીનું નિરીક્ષણ કરવું

### ઈન્ડિયન સ્પેસ સાયન્સ ડેટા સેન્ટર (ISSDC) વિશે

ISSDCની સ્થાપના **ઈસરો** દ્વારા **વર્ષ 2008માં** કરવામાં આવી હતી.

- ISSDC **બેંગાલુરુંમાં** આવેલા **ઈન્ડિયન ડીપ સ્પેસ નેટવર્ક** ખાતે આવેલું છે.
- તે અવકાશ મિશન સંબંધિત ડેટા માટે જવાબદાર સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શહેરી બાબતોના મંત્રાલય દ્વારા 'ઈ-સંપદા' નામની મોબાઈલ એપ અને પોર્ટલ લોન્ચ

**કેન્દ્રીય શહેર બાબતોના મંત્રાલયે** તાજેતરમાં **'ઈ-સંપદા'** નામની **મોબાઈલ એપ્લિકેશન અને પોર્ટલ લોન્ચ** કર્યું હતું.

- આ એપ્લિકેશન એક લાખથી વધુ સરકારી રહેણાંક મકાનોની ફાળવણી અને સરકારી સંસ્થાઓને કચેરીઓની જગ્યાઓની ફાળવણી કરવા માટે સિંગલ વિંડો પ્રદાન કરે છે.
- સરકારી રહેણાંક આવાસની ફાળવણી **'ડિરેક્ટોરેટ ઓફ એસ્ટેટ'** દ્વારા સંચાલિત થાય છે.
- આ એપ્લિકેશન સરકારી અધિકારીઓ અને વિભાગો માટે રહેવાની અને સ્થળની સરળતાને પ્રોત્સાહન આપશે.
- આ એપ તેમજ પોર્ટલ **નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)** દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

## મધ્યપ્રદેશમાં ભારતની પ્રથમ હોટ એર બલૂન સફારીનો પ્રારંભ

**મધ્યપ્રદેશના બાંધવગઢ ટાઈગર રિઝર્વમાં** તાજેતરમાં **ભારતની પ્રથમ હોટ એર બલૂન સફારીનો** પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- આ પ્રથમ હોટ એર બલૂન સફારીનો પ્રારંભ મધ્યપ્રદેશ રાજ્યના વનમંત્રી શ્રી વિજય શાહ દ્વારા કરવામાં આવ્યો હતો.
- દેશમાં વિવિધ સ્થળોએ હોટ એર બલૂન રાઈડ્સ ઉપલબ્ધ છે પરંતુ હોટ એર બલૂન સફારી દેશમાં પ્રથમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### હોટ એર બલૂન રાઈડ વિશે

હોટ એર બલૂનની સવારી દ્વારા પર્યટક ઊંચાઈ પરથી વાઘ, દીપડાઓ જેવા પ્રાણીઓને જોઈ શકે છે.

- આ સેવા જયપુર સ્થિત **સ્કાઈ વોલ્ટ્ઝ કંપની** દ્વારા સંચાલિત થવાની છે.
- તેમજ રિઝર્વના બફર એરિયામાં હોટ એર બલૂન રાઈડ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.
- હોટ એર બલૂનની સવારી દ્વારા બાંધવગઢ ટાઈગર રિઝર્વ નિહાળી શકાશે.

## બાંધવગઢ ટાઈગર રિઝર્વ

- બાંધવગઢ ટાઈગર રિઝર્વ મધ્યપ્રદેશના ઉમરિયા જિલ્લામાં આવેલો છે.
- બાંધવગઢ ટાઈગર રિઝર્વ પૂર્વીય સાતપુડા હિલ રેન્જમાં સ્થિત છે.
- તે સદાબહાર સાલના વન તરીકે જાણીતું છે.
- બાંધવ એટલે 'ભાઈ' અને ગઢ એટલે 'કિલ્લો'. આ ક્ષેત્રનું નામ કિલ્લાના નામ પરથી આપવામાં આવ્યું છે.
- બાંધવગઢને 'રાષ્ટ્રીય ઉદ્યાન' તરીકે વર્ષ 1968માં જાહેર કરવામાં આવ્યું હતુ તેમજ વર્ષ 1993માં તેને 'ટાઈગર રિઝર્વ' જાહેર કરવામાં આવ્યું હતું.

## તાનસેન સંગીત સમારોહનું આયોજન ગ્વાલિયરમાં કરવામાં આવ્યું



- 26 ડિસેમ્બર, 2020ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતે તાનસેન સંગીત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તાનસેન સંગીત સમારોહ દરમિયાન પ્રસિદ્ધ સંતૂરવાદક શ્રી સતીશ વ્યાસને 'તાનસેન સન્માન' એનાયત કરવામાં આવ્યો હતો.
- તાનસેન સંગીત સમારોહનું આયોજન દર વર્ષે ડિસેમ્બરમાં કરવામાં આવે છે.
- આ સમારોહનું આયોજન ગ્વાલિયરના બેહટ ગામમાં કરવામાં આવે છે.

**ICE FACTS :**

(1) તાનસેન અકબરના નવરત્નો પૈકી એક હતા.

(2) તાનસેનનું મૂળનામ 'રામતનુ પાન્ડે' હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'મહામારીની તૈયારી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 27 ડિસેમ્બર (B) 26 ડિસેમ્બર (C) 25 ડિસેમ્બર (D) 28 ડિસેમ્બર **(A)**

2. તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે કયા સ્થળની મુલાકાત દરમિયાન INS ખુકરી મેમોરિયલ સ્મારકનું ઉદ્દઘાટન કર્યું હતું ?
(A) દમણ (B) દાદરા અને નગર હવેલી
(C) દીવ (D) લક્ષદ્વિપ **(C)**

3. INS ખુકરી વિશે ખોટું વિધાન જણાવો ?
(A) INS ખુકરીએ 'બ્લેકવુડ શ્રેણી'નું યુદ્ધ જહાજ હતું.
(B) INS ખુકરીનું નિર્માણ રશિયા દ્વારા કરવામાં આવ્યું હતું.
(C) વર્ષ 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ વખતે INS ખુકરી દીવના દરિયાકાંઠે ડૂબી ગયુ હતું.
(D) INS ખુકરીના કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લાને મરણોપરાંત 'મહાવીર ચક્ર' એનાયત કરવામાં આવ્યો હતો. **(B)**

4. ઈસરોએ કયા પોર્ટલ મારફતે ચંદ્રયાન-2 મિશનનો પ્રારંભિક ડેટા જાહેર કર્યો હતો ?
(A) નેત્ર (B) સંપદા (C) પ્રદાન (D) સમર્થ **(C)**

5. ઈન્ડિયન સ્પેસ સાયન્સ ડેટા સેન્ટર (ISSDC) ભારતમાં કયા આવેલું છે ?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) શ્રી હરિકોટા (D) બેંગાલુરૂ **(D)**

6. 'ઈ–સંપદા' નામની મોબાઈલ એપ તથા પોર્ટલ કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) ગૃહ મંત્રાલય (B) શહેરી બાબતોનું મંત્રાલય
(C) શિક્ષણ મંત્રાલય (D) સંરક્ષણ મંત્રાલય **(B)**

7. ભારતની પ્રથમ હોટ એર બલૂન સફારીનો પ્રારંભ તાજેતરમાં કયા રાજ્યમાં કરવામાં આવ્યો હતો ?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) મધ્યપ્રદેશ (D) રાજસ્થાન **(C)**

8. ભારતની પ્રથમ હોટ એર બલૂન સફારીનો પ્રારંભ તાજેતરમાં મધ્યપ્રદેશની કયા રિઝર્વમાં કરવામાં આવ્યો હતો ?
(A) કાન્હા ટાઈગર રિઝર્વ (B) પેન્ચ ટાઈગર રિઝર્વ
(C) પન્ના ટાઈગર રિઝર્વ (D) બાંધવગઢ ટાઈગર રિઝર્વ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**9.** ભારતની પ્રથમ હોટ એર બલૂન સફારીની રાઈડનું સંચાલન કરનારી કંપની સ્કાઈ વોલ્ટ્ઝ કયાંની કંપની છે ?

(A) ઉદેપુર (B) જયપુર (C) ઉધમપુર (D) ભોપાલ **(B)**


**10.** તાનસેન સંગીત સમારોહનું આયોજન તાજેતરમાં કયા કરવામાં આવ્યું હતું ?

(A) ભોપાલ (B) ઈન્દોર (C) ગ્વાલિયર (D) પટના **(C)**

**11.** 'તાનસેન સન્માન' તાજેતરમાં કોને એનાયત કરવામાં આવ્યો હતો ?

(A) શ્રી અવિનાશ વ્યાસ (B) શ્રી સતીશ વ્યાસ

(C) શ્રી સતીશ પટનાયક (D) શ્રી સતીષ ધવન **(B)**



## ICC એ દાયકાની વન-ડે, T-20 અને ટેસ્ટ ક્રિકેટ ટીમ જાહેર કરી

- ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ દાયકાની પુરૂષ વન-ડે, T-20 અને ટેસ્ટ ટીમની જાહેરાત કરી હતી.
- પાછલા 10 વર્ષ દરમિયાન ખેલાડીઓના રમતમાં પ્રદર્શનને આધારે ICCએ આ ટીમોની જાહેરાત કરી હતી.

### ICC દ્વારા કરવામાં આવેલી જાહેરાતો

- T-20 અને વન-ડે ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે મહેન્દ્રસિંહ ધોનીની પસંદગી કરવામાં આવી હતી.
- ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે વિરાટ કોહલીની પસંદગી કરવામાં આવી હતી.
- મહિલા વર્ગમાં T-20 અને વન-ડે ક્રિકેટની દાયકાની ટીમમાં કેપ્ટન તરીકે ઓસ્ટ્રેલિયાની મેગ લેનિંગની પસંદગી કરવામાં આવી છે.

### ICCની દાયકાની વન-ડે ક્રિકેટ ટીમ

| ક્રમ | ખેલાડીનું નામ | દેશ |
|---|---|---|
| 1 | મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન અને વિકેટકીપર) | ભારત |
| 2 | રોહિત શર્મા | ભારત |
| 3 | ડેવિડ વોર્નર | ઓસ્ટ્રેલિયા |
| 4 | વિરાટ કોહલી | ભારત |
| 5 | એબી ડિવિલિયર્સ | દક્ષિણ આફ્રિકા |
| 6 | શાકીબ અલ હસન | બાંગ્લાદેશ |
| 7 | બેન સ્ટોક્સ | ઈંગ્લેન્ડ |
| 8 | મિશેલ સ્ટાર્ક | ઓસ્ટ્રેલિયા |
| 9 | ટ્રેન્ટ બોલ્ટ | ન્યુઝીલેન્ડ |
| 10 | ઈમરાન તાહિર | દક્ષિણ આફ્રિકા |
| 11 | લસિથ મલિંગા | શ્રીલંકા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICCની દાયકાની ટી-20 ક્રિકેટ ટીમ

| ક્રમ | ખેલાડીનું નામ | દેશ |
|---|---|---|
| 1 | મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન અને વિકેટકીપર) | ભારત |
| 2 | રોહિત શર્મા | ભારત |
| 3 | ક્રિસ ગેઈલ | વેસ્ટ ઈન્ડિઝ |
| 4 | એરોન ફિંચ | ઓસ્ટ્રેલિયા |
| 5 | વિરાટ કોહલી | ભારત |
| 6 | એબી ડિવિલિયર્સ | દક્ષિણ આફ્રિકા |
| 7 | ગ્લેન મેક્સવેલ | ઓસ્ટ્રેલિયા |
| 8 | કીરોન પોલાર્ડ | વેસ્ટ ઈન્ડિઝ |
| 9 | રાશીદ ખાન | અફઘાનિસ્તાન |
| 10 | જસપ્રીત બુમરાહ | ભારત |
| 11 | લસિથ મલિંગા | શ્રીલંકા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICCની દાયકાની ટેસ્ટ ક્રિકેટ ટીમ

| ક્રમ | ખેલાડીનું નામ | દેશ |
|---|---|---|
| 1 | વિરાટ કોહલી (કેપ્ટન) | ભારત |
| 2 | એલિસ્ટર કૂક | ઈંગ્લેન્ડ |
| 3 | ડેવિડ વોર્નર | ઓસ્ટ્રેલિયા |
| 4 | કેન વિલિયમસન | ન્યુઝીલેન્ડ |
| 5 | સ્ટીવ સ્મિથ | ઓસ્ટ્રેલિયા |
| 6 | કુમાર સંગાકારા (વિકેટ કીપર) | શ્રીલંકા |
| 7 | બેન સ્ટોક્સ | ઈંગ્લેન્ડ |
| 8 | રવિચંદ્રન અશ્વિન | ભારત |
| 9 | ડેલ સ્ટેન | દક્ષિણ આફ્રિકા |
| 10 | સ્ટુઅર્ટ બ્રોડ | ઈંગ્લેન્ડ |
| 11 | જેમ્સ એન્ડરસન | ઈંગ્લેન્ડ |

**ICE FACT :**

(1) મહિલાઓની **દશકાની વન-ડે ટીમમાં** ભારતના **મિતાલી રાજ** અને **ઝુલન ગોસ્વામી**નો સમાવેશ કરાયો છે.

(2) **મહિલાઓની** દશકાની **ટી-20 ટીમમાં** ભારતના **હરમનપ્રીત કૌર** અને **પૂનમ યાદવ**નો સમાવેશ કરાયો છે.

(3) ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે પસંદ થયેલા વિરાટ કોહલી વિશ્વના એકમાત્ર એવા ક્રિકેટર છે કે જેમને દાયકાની તમામ ફોર્મેટની ટીમમાં સ્થાન મળ્યું છે.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર'ના વિભાગનું ઉદ્દઘાટન

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા **'ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ રેલ કોરિડોર'**ના **ન્યૂ ભૌપુર-ન્યૂ ખૂર્જા વિભાગનું** ઉદ્દઘાટન કર્યું હતું.
- ન્યૂ ભૌપુર–ન્યૂ ખૂર્જા વિભાગ **ઉત્તરપ્રદેશ રાજ્યમાં 351 કિ.મી.** લંબાઈ ધરાવે છે.
- આ ઉદ્દઘાટન દરમિયાન વડાપ્રધાનશ્રીએ **ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં** આવેલા **ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (EDFC)**ના ઓપરેશન કંટ્રોલ સેન્ટર (OCC)નું પણ ઉદ્દઘાટન કર્યું હતું.
- આ નવો વિભાગ ટેકસટાઈલ ઉદ્યોગ, ગ્લાસવેર ઉદ્યોગ, બ્લોક પ્રિન્ટિંગ, માટીકામના ઉત્પાદનો તેમજ હાર્ડવેર જેવા સ્થાનિક ઉદ્યોગો માટે નવી તકો પ્રદાન કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનું કમાન્ડ સેન્ટર

- **પ્રયાગરાજ** ખાતે આવેલું ઓપરેશન કંટ્રોલ સેન્ટર (OCC) આ **સમગ્ર કોરિડોરના કમાન્ડ સેન્ટર** તરીકે કાર્ય કરશે.
- આ સેન્ટરની ઈમારત **'સુગમ્ય ભારત અભિયાન'**ના માપદંડોને આધારે બનાવવામાં આવી છે.

### ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર વિભાગ વિશે

- આ પ્રોજેકટમાં **પંજાબના લુધિયાણાથી ડાંકુની (કોલકાતા)** સુધી ફેલાયેલી **1,839 કિલોમીટર** લંબાઈની ફ્રેઈટ રેલ લાઈનનો સમાવેશ થયો છે.
- આ સમગ્ર રેલવે લાઈન વીજળીકૃત છે.

- આ પ્રોજેકટનો અમલ **ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (DFCCIL)** દ્વારા કરવામાં આવી રહયો છે.
- આ પ્રોજેકટને ભંડોળ **વિશ્વ બેંક** દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. તેમજ બાકીનું વધારાનું ભંડોળ **ભારતીય રેલવે** દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

### ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કયા રાજ્યોમાંથી પસાર થશે ?

- પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઝારખંડ

## ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ, 2020ની જાહેરાત

- **મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (Meity)** અંતર્ગત **ધ નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)** દ્વારા **ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ** માટેનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ ઈ–ગવર્નન્સ અને સરકારી સેવા તંત્રમાં ડિજિટલ પરિવર્તનને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવે છે.
- **બિહારના મુખ્યમંત્રી સચિવાલય, નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર** અને **ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટને** સંયુકતરૂપે ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ 2020ના **'ઈનોવેશન ઈન પેન્ડેમિક'** શ્રેણીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.
- અગાઉ **ઉત્તરપ્રદેશના ખાદ્ય અને નાગરિક પુરવઠા** વિભાગે ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ, 2020ની **'એકસલન્સ ઈન ડિજિટલ ગવર્નન્સ'** શ્રેણી હેઠળ એવોર્ડ જીત્યો હતો.
- ઉત્તરપ્રદેશના ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગે પોઈન્ટ ઓફ સેલ આધારિત ખોરાક વિતરણ, ઓનલાઈન બિલિંગ અને ખેડૂતો પાસેથી ખરીદેલા અનાજ માટેની ચૂકવણીઓ અનાજની અવરજવર કરતા વાહનોનું GPS ટ્રેકીંગ વગેરે માટે આ એવોર્ડ મેળવ્યો હતો.

### ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ વિશે

- ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ દર વર્ષે **રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ** દ્વારા આપવામાં આવે છે.
- ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ દર વર્ષે નીચેની વિવિધ શ્રેણીઓમાં આપવામાં આવે છે :
  - ઈનોવેશન ઈન પેન્ડેમિક
  - એકસલન્સ ઈન ડિજિટલ ગવર્નન્સ
  - ઓપન ડેટા ચેમ્પિયન
  - એકસેમ્પ્લરી પ્રોડકટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશને મોનપા હસ્તનિર્મિત પેપર યુનિટની સ્થાપના કરી




- **ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશને (KVIC)** તાજેતરમાં **અરૂણાચલપ્રદેશ**માં **મોનપા હસ્તનિર્મિત પેપર યુનિટ**ની સ્થાપના કરી હતી.
- **મોનપા હસ્તનિર્મિત કાગળ એ એક હજાર વર્ષ જૂનો વારસો** છે. જેને આ યુનિટની સ્થાપનાની સાથે પુનર્જિવિત કરવામાં આવી રહયો છે.
- આ યુનિટની સ્થાપનાનો હેતુ મોનપા તકનીકના આધારે કાગળ બનાવી તેની વ્યાવસાયિક ઉત્પાદકતા વધારવાનો છે. આ યુનિટ દ્વારા અરૂણાચલપ્રદેશમાં સ્થાનિક રોજગારીમાં વૃદ્ધિ થશે.

## મોનપા હસ્તનિર્મિત કાગળ વિશે

- મોનપા હસ્તનિર્મિત કાગળ ઉત્પાદનની કળા **આશરે હજાર વર્ષ પહેલાં ચીનમાં ઉદ્દભવી** હતી.
- આ ટેક્નીકનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા હસ્તનિર્મિત કાગળને સ્થાનિક ભાષામાં **'મોન શુગુ'** કહેવામાં આવે છે.
- આ કાગળનું ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ છે. તે મઠોમાં બૌદ્ધ ધર્મગ્રંથો અને સ્ત્રોતો લખવા માટે ઉપયોગમાં લેવામાં આવતો હતો.
- મોનપા નામના હાથથી બનાવેલ કાગળ **'શુગુ શેંગ'** નામના સ્થાનિક વૃક્ષમાંથી બનાવવામાં આવે છે. આ વૃક્ષ ઔષધિય ગુણો પણ ધરાવે છે.
- અગાઉ મોનપા નામના હાથથી બનાવેલ કાગળ **જાપાન, તિબેટ, ભૂતાન** અને **થાઈલેન્ડ** જેવાં દેશોમાં નિકાસ કરવામાં આવતા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં ICC દ્વારા દાયકાની ટી-20 અને વન–ડે ક્રિકેટ ટીમની પસંદગી કરવામાં આવી હતી, એ મુજબ વન–ડે તથા ટી-20ના કેપ્ટન તરીકે કોની પસંદગી કરવામાં આવી હતી ?
(A) વિરાટ કોહલી (B) મહેન્દ્રસિંહ ધોની
(C) કુમાર સંગાકારા (D) કેન વિલિયમસન (B)

2. તાજેતરમાં ICC દ્વારા દાયકાની ટેસ્ટ ક્રિકેટ ટીમની પસંદગી કરવામાં આવી હતી, એ મુજબ ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે કોની પસંદગી કરવામાં આવી હતી ?
(A) વિરાટ કોહલી (B) મહેન્દ્રસિંહ ધોની
(C) કુમાર સંગાકારા (D) કેન વિલિયમસન (A)

3. તાજેતરમાં ICC દ્વારા દાયકાની મહિલા વર્ગની ટી-20 અને વન–ડે ટીમની પસંદ કરવામાં આવી હતી એ મુજબ ટી-20 અને વન–ડેમાં કેપ્ટન તરીકે કોની પસંદગી કરવામાં આવી હતી ?
(A) મિતાલી રાજ (B) એલિસ પેરી (C) સારા ટેલર (D) મેગ લેનિંગ (D)

4. ICC દ્વારા જાહેર કરવામાં આવેલી દાયકાની ટીમોમાં ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સ્થાન મેળવનાર ક્રિકેટરનું નામ જણાવો ?
(A) સ્ટીવ સ્મિથ (B) કેન વિલિયમસન
(C) ડેવિડ વોર્નર (D) વિરાટ કોહલી (D)

5. ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ન્યૂ ભૌપુર–ન્યૂ ખૂર્જા વિભાગનું ઉદઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(C) શ્રી વેંકેયા નાયડુ (D) શ્રી રાજનાથ સિંહ (B)

8. ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનું કમાન્ડ સેન્ટર કયાં આવેલું છે ?
(A) ન્યૂ ભૌપુર (B) ન્યૂ ખુર્જા (C) ગ્વાલિયર (D) પ્રયાગરાજ (D)

9. ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ કોના દ્વારા આપવામાં આવે છે ?
(A) ભારતના રાષ્ટ્રપતિ દ્વારા (B) ભારતના વડાપ્રધાન દ્વારા
(C) ભારતના ઉપરાષ્ટ્રપતિ દ્વારા (D) ભારતના સંરક્ષણમંત્રી દ્વારા (A)

10. ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરને કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે ?
(A) એશિયન ડેવલપમેન્ટ બેંક (B) વિશ્વ બેંક
(C) યુરોપિયન યુનિયન બેંક (D) SCO બેંક (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

11. ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ, 2020 અંતર્ગત કયા રાજ્યના મુખ્યમંત્રી સચિવાલયને 'ઈનોવેશન ઈન પેન્ડેમિક' શ્રેણીમાં એવોર્ડ આપવામાં આવ્યો હતો ?
   (A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મધ્યપ્રદેશ (D) ગુજરાત **(B)**

12. KVIC દ્વારા તાજેતરમાં કયા રાજ્યમાં મોનપા હસ્તનિર્મિત પેપર યુનિટની સ્થાપના કરવામાં આવી ?
   (A) અરૂણાચલ પ્રદેશ (B) આસામ
   (C) સિક્કિમ (D) મણિપુર **(A)**

13. મોનપા હસ્તનિર્મિત કાગળ ઉત્પાદનની કળાનો ઉદ્દભવ કયા દેશમાંથી થયો હતો ?
   (A) જાપાન (B) તિબેટ (C) ભારત (D) ચીન **(D)**

14. મોનપા હસ્તનિર્મિત કાગળ વિશે ખોટું વિધાન જણાવો ?
   (A) મોનપા હસ્તનિર્મિત કાગળ ઉત્પાદનની કળાનો ઉદ્દભવ ચીનમાંથી થયો હતો.
   (B) આ કાગળને સ્થાનિક ભાષામાં 'શુગુ શેંગ' કહેવામાં આવે છે.
   (C) મોનપા નામનો કાગળ 'શુગુ શેંગ' નામના સ્થાનિક વૃક્ષમાંથી બનાવવામાં આવે છે.
   (D) શુગુ શેંગ નામનું વૃક્ષ ઔષધિય ગુણો ધરાવે છે. **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

PAPER SOLUTION 1

POLICE INSPECTOR
PAPER SOLUTION 03-01-2021




Click to Play icerajkot

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# વડાપ્રધાનશ્રીએ દિલ્હીમાં દેશની સૌપ્રથમ ડ્રાઈવરલેસ ઓટોમેટેડ મેટ્રોનો શુભારંભ કર્યો

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 28 ડિસેમ્બર, 2020ના રોજ દિલ્હીમાં વીડિયો કોન્ફરન્સિંગની મદદથી દેશની સૌપ્રથમ ડ્રાઈવરલેસ ઓટોમેટેડ મેટ્રો ટ્રેનનો શુભારંભ કર્યો હતો.

- જનકપુરી પશ્ચિમથી નોઈડાના બોટનિકલ ગાર્ડન સુધી મેટ્રોની 37 કિ.મી. લાંબી મેજન્ટા લાઈન પર આ સુવિધા શરૂ કરવામાં આવી છે.
- ઓટોમેટેડ મેટ્રોની સિસ્ટમ એવી છે કે બે ટ્રેન કદાચ એક ટ્રેક પર આવી જશે અથવા કોઈ વસ્તુ ટ્રેક ઉપર હશે તો ટ્રેન આપોઆપ રોકાઈ જશે.
- ડ્રાઈવર વિના જ મેટ્રો ટ્રેન પાટા પર દોડશે.
- હાલમાં ડ્રાઈવરલેસ ટ્રેનનું સંચાલન ફક્ત દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનની લાઈન 7 અને લાઈન 8 પર કરવામાં આવશે.
- દિલ્હી મેટ્રોરેલ કોર્પોરેશનના ત્રણ કમાન્ડ સેન્ટરો ખાતેથી આ ડ્રાઈવરલેસ ટ્રેનનું સંચાલન કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિલ્હી મેટ્રો વિશે

દિલ્હી મેટ્રો દેશની સૌથી મોટી 'અર્બન માસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' છે, જેની શરૂઆત 24 ડિસેમ્બર, 2002ના રોજ થઈ હતી.

- દિલ્હી મેટ્રો 390 કિલોમીટર લાંબુ નેટવર્ક ધરાવે છે, જે દિલ્હી ઉપરાંત નોઈડા, ગુરૂગ્રામ, ફરીદાબાદ, ગાઝિયાબાદ અને બહાદુરગઢ જેવા નજીકના શહેરમાં ફેલાયેલું છે.

**ICE FACT :**

(1) દિલ્હી મેટ્રોની 'લાઈન 8' ને મેજન્ટા લાઈન તરીકે ઓળખવામાં આવે છે.

(2) મેજન્ટા લાઈનની શરૂઆત 25 ડિસેમ્બર, 2017ના રોજ બોટનિકલ ગાર્ડન અને કાલકાજી મંદિરની વચ્ચે કરવામાં આવી હતી.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## ICC એ દશકાના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરો જાહેર કર્યા

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (ICC) તાજેતરમાં વર્ષ 2011થી વર્ષ 2020ની વચ્ચે ક્રિકેટ ખેલાડીઓના પ્રદર્શનને આધારે દશકાના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓ જાહેર કર્યા હતા. જેની યાદી નીચે મુજબ છે :

| ક્રમ | પુરસ્કાર | ખેલાડી |
|---|---|---|
| 1 | દશકાનો સર્વશ્રેષ્ઠ વન–ડે મેન્સ ક્રિકેટર | વિરાટ કોહલી (ભારત) |
| 2 | દશકાનો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ મેન્સ ક્રિકેટર | સ્ટીવ સ્મિથ (ઓસ્ટ્રેલિયા) |
| 3 | દશકાનો સર્વશ્રેષ્ઠ ટી20 મેન્સ ક્રિકેટર | રાશિદખાન (અફઘાનિસ્તાન) |
| 4 | દશકાનો બેસ્ટ સ્પિરિટ ઓફ ધ ક્રિકેટર એવોર્ડ | મહેન્દ્રસિંહ ધોની (ભારત) |
| 5 | દશકાની સર્વશ્રેષ્ઠ વનડે મહિલા ક્રિકેટર | એલિસ પેરી (ઓસ્ટ્રેલિયા) |
| 6 | દશકાની સર્વશ્રેષ્ઠ ટી20 મહિલા ક્રિકેટર | એલિસ પેરી (ઓસ્ટ્રેલિયા) |
| 7 | દશકાનો સર્વશ્રેષ્ઠ ક્રિકેટર (સરગારફિલ્ડ સોબર્સ ટ્રોફી) | વિરાટ કોહલી (ભારત) |
| 8 | દાશકાની સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર (રચેલ હેયો–ફ્લિન્ટ ટ્રોફી) | એલિસ પેરી (ઓસ્ટ્રેલિયા) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાનશ્રીએ દેશની 100મી કિસાન રેલને લીલી ઝંડી આપી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 28 ડિસેમ્બર, 2020ના રોજ દેશની 100મી કિસાન રેલને લીલી ઝંડી બતાવી તેને દોડતી કરી હતી.

### 100મી કિસાન રેલ વિશે

100મી કિસાનરેલ મહારાષ્ટ્રના સંગોલાથી પશ્ચિમ બંગાળના શાલીમાર સુધી જશે.

- આ રેલ મારફતે અનાનસ, કેળાં, લીચી, માછલી, કેપ્સિકમ, કોબીજ, મરચાં વગેરેનું પરિવહન કરવામાં સરળતા થશે.
- ખેડૂતો પોતાનો પાક બીજા રાજ્યોમાં મોકલી શકે તે માટે 'કિસાન રેલ' અને 'કૃષિ ઉડાન' યોજના શરૂ કરાઈ હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પૃષ્ઠભૂમિ

કિસાન રેલની **પ્રથમ મલ્ટી કોમોડિટી સેવા ઓગસ્ટ 2020માં** શરૂ કરવામાં આવી હતી.

- **મહારાષ્ટ્રના દેવલાલી** અને **બિહારના દાનાપુર** વચ્ચે **આ સેવા શરૂ કરવામાં** આવી હતી. ત્યારબાદ તેને બિહારના મુઝફ્ફરપુર સુધી લંબાવવામાં આવી હતી.

## કિસાન રેલ વિશે

કિસાન રેલનો વિચાર **કેન્દ્રીય બજેટ 2020-21 દરમિયાન** સૂચવવામાં આવ્યો હતો.

- કિસાન રેલ યોજના દૂધ, માસ, ફળો અને શાકભાજી જેવા ઝડપથી બગડી જતા પદાર્થો (Perishables) ને નેશનલ કોલ્ડ સપ્લાય ચેઈનમાં જોડી તેનું સલામત પરિવહન કરવાનો લક્ષ્ય ધરાવે છે.
- આ અંતર્ગત ટ્રેનમાં રેફ્રિજરેટેડ કોચનો સમાવેશ કરવામાં આવે છે.
- આ પ્રાપ્ત કરવા માટે ભારતીય રેલવે એ 17 ટન વહન ક્ષમતાવાળી રેફ્રિજરેટેડ પાર્સલ વાન વિકસાવી છે.
- ભારતીય રેલવે પાસે હાલમાં આવા નવ રેફ્રિજરેટેડ પાર્સલ વાન ઉપલબ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કૃષિ ઉડાન

**વર્ષ 2020-21ના કેન્દ્રીય બજેટમાં** કિસાન રેલની સાથે **'કૃષિ ઉડાન'**ની દરખાસ્ત કરવામાં આવી હતી.

- કૃષિ ઉડાન **કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય** હેઠળ કામ કરશે.
- તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માર્ગો ઉપર ઝડપથી ખરાબ થઈ જનારા પદાર્થોનું પરિવહન કરશે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના એવોર્ડ્સમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરાવવાની નાગરિક સંસ્થા વિશાખાપટ્ટનમ મ્યુનિસિપલ કોર્પોરેશન

**ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયે વિશાખાપટ્ટનમ મ્યુનિસિપલ કોર્પોરેશનને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારી નાગરિક સંસ્થા** તરીકે પસંદગી કરી છે.

- વિશાખાપટ્ટનમને 'એન્યુઅલ એવોર્ડ્સ ફોર એક્સલન્સ' શ્રેણી હેઠળ પસંદ કરવામાં આવ્યું હતું.

### પુરસ્કાર વિશે

ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આ પુરસ્કારો રજૂ કરવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ 5 શ્રેણીમાં એવોર્ડ રજૂ કરવામાં આવે છે.

1. બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ
2. બેસ્ટ પર્ફોર્મિંગ મ્યુનિસિપલ કોર્પોરેશન
3. બેસ્ટ પર્ફોર્મિંગ મ્યુનિસિપાલિટી
4. બેસ્ટ હાઉસ કન્સ્ટ્રક્શન
5. સ્પેશિયલ એવોર્ડ્સ ટુ રિકગ્નાઈઝ બેસ્ટ પ્રેક્ટિસ

## કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રીએ લદાખમાં હવામાન વિજ્ઞાન કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું

કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રીશ્રી ડો. હર્ષવર્ધને તાજેતરમાં કેન્દ્રશાસિતપ્રદેશ લદાખમાં એક હવામાન વિજ્ઞાન કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું.

- આ હવામાન કેન્દ્ર લદાખ પ્રદેશ માટે હવામાનની આગાહી પ્રદાન કરશે અને હવામાન અંગેની પ્રારંભિક ચેતવણી પ્રણાલીને મજબૂત કરશે.

### આ હવામાન કેન્દ્ર વિશે

- લદાખ કેન્દ્રશાસિત પ્રદેશનું આ પહેલું હવામાન કેન્દ્ર છે.
- 3,500 મીટરની ઊંચાઈએ સ્થિત આ હવામાન કેન્દ્ર ભારતનું સૌથી વધુ ઊંચાઈ પર સ્થિત છે.
- આ કેન્દ્ર 3 દિવસ, 12 દિવસ તેમજ 1 મહિના માટેના સમયગાળા માટે હવામાન આગાહી પૂરી પાડશે.
- આ કેન્દ્ર કારગિલ અને લેહ જેવાં બે જિલ્લાઓ માટે હવામાનની આગાહી પૂરી પાડશે. ઉપરાંત આ કેન્દ્ર નૂબ્રા, દ્રાસ, પેન્ગોન્ગ તળાવ, કારગિલ, ખાલસી જેવા પર્યટક સ્થળો માટે પણ હવામાન આગાહી પૂરી પાડશે.

### ભારતમાં હવામાન કેન્દ્રો

- ભારતીય હવામાન વિભાગ પાસે 6 પ્રાદેશિક હવામાન કેન્દ્રો છે. જે કોલકાતા, ગુવાહાટી, મુંબઈ, નવી દિલ્હી, ચેન્નાઈ અને નાગપુર ખાતે આવેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા સ્થળે દેશની સૌપ્રથમ ડ્રાઈવરલેસ ઓટોમેટેડ મેટ્રોનો શુભારંભ કર્યો હતો ?

(A) બેંગાલુરુ (B) કોલકાતા (C) મુંબઈ (D) દિલ્હી **(D)**

2. હાલમાં ડ્રાઈવરલેસ મેટ્રોનું સંચાલન દિલ્હી મેટ્રોરેલ કોર્પોરેશનની કઈ લાઈન પર કરવામાં આવશે ?

(A) લાઈન-7 અને 8 (B) લાઈન-5 અને 6
(C) લાઈન-6 અને 8 (D) લાઈન-5 અને 8 **(A)**

3. દિલ્હી મેટ્રોની કઈ લાઈન મેજન્ટા લાઈન તરીકે ઓળખાય છે ?

(A) લાઈન-6 (B) લાઈન-7 (C) લાઈન-8 (D) લાઈન-5 **(C)**

4. તાજેતરમાં દશકાના સર્વશ્રેષ્ઠ વન–ડે મેન્સ ક્રિકેટર તરીકે ICCએ કોને એવોર્ડ આપ્યો હતો ?

(A) વિરાટ કોહલી (B) સ્ટીવ સ્મિથ (C) રાશિદ ખાન (D) મહેન્દ્રસિંહ ધોની **(A)**

5. તાજેતરમાં દાયકાની સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટરનો એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો હતો ?

(A) હરમનપ્રીત કૌર (B) મિતાલી રાજ (C) એલિસ પેરી (D) સૂઝી બેટ્સ **(C)**

6. તાજેતરમાં વડાપ્રધાનશ્રીએ 100મી કિસાન રેલને લીલીઝંડી આપી હતી, આ કિસાન રેલ કયા બે રાજ્યો વચ્ચે દોડશે ?

(A) મહારાષ્ટ્રથી બિહાર (B) બિહારથી પશ્ચિમ બંગાળ
(C) મહારાષ્ટ્રથી પશ્ચિમ બંગાળ (D) મહારાષ્ટ્રથી ઉત્તરપ્રદેશ **(C)**

7. કૃષિ ઉડાન કયા મંત્રાલય હેઠળની પહેલ છે ?

(A) કૃષિ મંત્રાલય (B) કેન્દ્રીય રેલ મંત્રાલય
(C) માર્ગ અને પરિવહન મંત્રાલય (D) કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય **(D)**

8. ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયે તાજેતરમાં કઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રધાનમંત્રી આવાસ યોજના એવોર્ડ્સ અંતર્ગત પસંદ કરી હતી ?

(A) વિશાખાપટ્ટનમ (B) કોઈમ્બતુર (C) ચેન્નાઈ (D) મુંબઈ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે તાજેતરમાં કયા સ્થળે હવામાન વિજ્ઞાન કેન્દ્રનું ઉદઘાટન કર્યું હતું ?

(A) લેહ (B) લદાખ (C) શિમલા (D) દહેરાદૂન **(B)**

10. નીચેના પૈકી કયા સ્થળે ભારતનું પ્રાદેશિક હવામાન કેન્દ્ર આવેલું નથી ?

(A) ગુવાહાટી (B) નવી દિલ્હી (C) નાગપુર (D) કાનપુર **(D)**



## ગુજરાત સરકારની નવી સોલાર પાવર પોલિસી, 2021

29 ડિસેમ્બર, 2020ના રોજ ગુજરાત સરકારે નવી સોલાર પાવર પોલિસી, 2021ની જાહેરાત કરી હતી.

- 1 જાન્યુઆરી, 2021થી અમલમાં આવનારી આ નવી પોલિસીમાં ગુજરાતના ઉદ્યોગકારોની પ્રોડક્શન કોસ્ટ નીચી જાય, દુનિયાભરમાં 'મેઈડ ઈન ગુજરાત બ્રાન્ડ' છવાય એ ઉદ્દેશથી અઢળક પ્રોત્સાહનો જાહેર કરતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં કોઈપણ વ્યકિત, ડેવલપર કે ઉદ્યોગને પોતાની જમીન અથવા જગ્યામાં કોઈપણ પ્રકારની લિમિટ વગર પોતાની આવશ્યકતા મુજબ સોલાર પ્રોજેક્ટ સ્થાપવાની છૂટ આપવામાં આવી છે.

### ગુજરાત સોલાર પાવર પોલિસી, 2021ની મુખ્ય બાબતો

નવી પોલિસી આગામી પાંચ વર્ષ એટલે કે 31 ડિસેમ્બર, 2025 સુધી અમલમાં રહેશે. જેમાં સ્થાપિત સોલાર પ્રોજેક્ટ્સ માટેના લાભો 25 વર્ષના સમયગાળા માટે મેળવી શકાશે.

- ગ્રાહકો તેમની છત કે જગ્યા ઉપર સોલાર પ્રોજેક્ટ સ્થાપી શકશે અને છત કે જગ્યાને વીજ ઉત્પાદક કે વીજ વપરાશ માટે થર્ડ પાર્ટીને લીઝ ઉપર આપીને પણ આવક ઊભી કરી શકશે.
- માત્ર વ્યકિતગત જ નહિ, ગ્રાહકોનું કોઈ એક જૂથ સામૂહિક માલિકીના પ્રોજેક્ટ તરીકે સ્વવપરાશ માટે સોલાર પ્રોજેક્ટ સ્થાપી શકે છે.
- પ્રોજેક્ટ ડેવલપર દ્વારા વીજ વિતરણ કંપનીને ચૂકવવાની થતી સિક્યોરિટી ડિપોઝિટની રકમને પ્રતિ મેગાવોટ રૂ. 25 લાખથી ઘટાડીને હવે પ્રતિ મેગાવોટ રૂ. 5 લાખ કરવામાં આવી છે.
- ગુજરાત રાજ્ય ગ્રીન ઊર્જામાં 11,000 મેગાવોટની ઉત્પાદન ક્ષમતા મેળવી ચૂક્યું છે. હાલમાં, ગુજરાત રાજ્ય દ્વારા 2022 સુધીમાં 30,000 મેગાવોટ કલીન સુધીમાં 30,000 મેગાવોટ ઊર્જા ઉત્પાદન કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આમાં મોટે ભાગે સૌર ઊર્જા અને પવન ઊર્જાનો સમાવેશ કરવામાં આવશે.
- નવી સોલાર પાવર નીતિ મુજબ ઉદ્યોગોને 4.50 રૂપિયા યુનિટ વીજળી મળી શકશે જે અગાઉ રૂ. 8 પ્રતિ યુનિટ ઉદ્યોગોને મળતી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વડાપ્રધાનશ્રીએ 'નેશનલ કોમન મોબિલિટી કાર્ડ' શરૂ કર્યું




28 ડિસેમ્બર, 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હી મેટ્રો એરપોર્ટ એક્સપ્રેસ લાઈન માટે મહત્ત્વાકાંક્ષી 'નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC)' સર્વિસ લોન્ચ કરી હતી.

- વડાપ્રધાનની 'વન નેશનલ વન કાર્ડ' ઈનિશિયેટિવ છત્ર હેઠળ આ કાર્ડની શરૂઆત કરવામાં આવી છે.

### નેશનલ કોમન મોબિલિટી કાર્ડ(NCMC)ની મુખ્ય બાબતો

નેશનલ કોમન મોબિલિટી કાર્ડનો ઉપયોગ તમામ પરિવહન સ્થળોએ થઈ શકશે.

- આ નવા કાર્ડનો ઉપયોગ તમામ નવી મેટ્રો અને પરિવહન ચૂકવણીઓ દરમિયાન થઈ શકશે.
- નેશનલ કોમન મોબિલિટી કાર્ડ 23 જેટલી બેંકોમાંથી મેળવેલા રૂપે ડેબિટકાર્ડવાળા મુસાફરોને મંજૂરી આપશે. તેમાં યુકો, SBI, કેનેરા બેંક, પંજાબ નેશનલ બેંક વગેરેનો સમાવેશ થશે.
- વર્ષ 2022 સુધીમાં તમામ મેટ્રોમાં 'નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC)' ઉપલબ્ધ થશે.
- તે એક ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ છે. આ સિસ્ટમની મદદથી મુસાફરો બસ, રેલવે અને મેટ્રોમાં ચૂકવણીઓ કરી શકશે.
- નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC)નો વિચાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા બનાવવામાં આવેલી નંદન નીલેકણી સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યો હતો.

### નંદન નીલેકણી સમિતિ

નંદન નીલેકણી સમિતિએ દેશમાં રોકડ ટ્રાન્ઝેકશનની સંખ્યા ઘટાડી ડિજિટલ માધ્યમથી ટ્રાન્ઝકેશનો વધારવા પર ભાર મૂકયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતની પ્રથમ ન્યુમોનિયા રસી 'ન્યુમોસિલ'

પૂણે સ્થિત **સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII)**એ તાજેતરમાં **ન્યુમોસિલ** નામની **પ્રથમ સ્વદેશ વિકસિત ન્યૂમોકોકલ વેક્સિનનું** અનાવરણ કર્યું હતું.

- **કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ડૉ. હર્ષવર્ધન** દ્વારા આ રસી લોન્ચ કરવામાં આવી હતી.

**ન્યુમોસિલ વેક્સિન વિશે**

- ન્યુમોસિલનો વિકાસ **બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન** અને PATH ઓર્ગેનાઈઝેશનના સહયોગથી **સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા** દ્વારા કરવામાં આવ્યો હતો.
- **ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)** દ્વારા આ વેક્સિનને મંજૂરી આપવામાં આવી હતી.
- ન્યુમોસિલની કિંમત અન્ય સમકક્ષ દવાઓ કરતાં ઘણી સસ્તી છે.
- આ વેક્સિનના ક્લિનિકલ ટ્રાયલ **જામ્બિયા અને ભારતમાં હાથ** ધરવામાં આવ્યા હતા.
- ભારત હાલમાં ન્યુમોનિયા સામે ન્યુમોકોકલ કન્જ્યુગેટ વેક્સિન (PCV)નો ઉપયોગ કરી રહ્યું છે.

## કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે દેશના આઠ સમુદ્ર તટો પર આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ લહેરાવ્યો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે** દેશભરના **8 સમુદ્રતટો પર આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ** લહેરાવ્યો હતો.

- આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ સર્ટિફિકેટ ધરાવતા ભારતના નીચેના 8 સમુદ્ર તટો પર આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ લહેરાવવામાં આવ્યો હતો :

| ક્રમ | સમુદ્ર તટ (બીચ) | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | કપ્પડ | કેરળ |
| 2 | શિવરાજપુર | ગુજરાત |
| 3 | ઘોઘલા | દીવ |
| 4 | કસરગોડ | કર્ણાટક |
| 5 | પદુબિદરી | કર્ણાટક |
| 6 | ઋષિકોન્ડા | આંધ્રપ્રદેશ |
| 7 | ગોલ્ડન | ઓડિશા |
| 8 | રાધાનગર | અંદમાન અને નિકોબાર ટાપુઓ |

- કેન્દ્ર સરકારે સમુદ્ર કિનારા (બીચ)ની સફાઈ અને સ્વચ્છતા માટે 'I AM SAVING MY BEACH' જેવી પહેલ અને બીચ એન્વાયર્મેન્ટ એસ્થેટિક મેનેજમેન્ટ સર્વિસીઝ (BEAMS) જેવા કાર્યક્રમો શરૂ કર્યા છે.
- કેન્દ્ર સરકારે આગળના 3 વર્ષોમાં દેશના 100 સમુદ્રકિનારાઓ માટે આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ સર્ટિફિકેશન પ્રાપ્ત કરવા માટેનું લક્ષ્ય રાખ્યું છે.

**ICE FACT :**

- ડેનમાર્ક સ્થિત ફાઉન્ડેશન ઓફ એન્વાયર્મેન્ટ એજ્યુકેશન (FEE) દ્વારા આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસને મંજૂરી

- વડાપધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અદ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસને મંજૂરી આપી છે. ઉપરાંત, આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસને ઝડપથી મંજૂરી આપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે.

### આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસ

કેન્દ્ર સરકારે 5 અબજ ડોલરની કિંમત સુધીની આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસનો લક્ષ્યાંક રાખ્યો છે.

- સંરક્ષણ મંત્રાલય અનુસાર, આકાશ મિસાઈલો 96%થી વધુ સ્વદેશી ઘટકો વપરાયા છે.
- કેન્દ્ર સરકારે વર્ષ 2025 સુધીમાં સંરક્ષણ ઉત્પાદનનું ટર્નઓવર 25 અબજ ડોલર સુધી કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ લક્ષ્ય હાંસલ કરવા માટે આકાશ મિસાઈલની નિકાસ ખૂબ મદદગાર થશે.

### આકાશ મિસાઈલ વિશે

- આકાશ મિસાઈલ શોર્ટ-રેન્જ સરફેસ-ટુ-એર સ્વદેશી મિસાઈલ છે.
- આ મિસાઈલની રેન્જ 25 કિ.મી. છે.
- આકાશ મિસાઈલને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP) અંતર્ગત વિકસાવી છે.
- ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP)ની શરૂઆત વર્ષ 1984માં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેનું ઉત્પાદન ભારત ડાયનામિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આકાશ મિસાઈલની રેન્જ 25 કિ.મી.ની છે, તે કોઈપણ હવામાનમાં તેના લક્ષ્યાંકને ટાર્ગેટ કરી શકે છે.
- આ મિસાઈલ હવામાં 18,000 મીટર સુધી જઈ શકે છે.
- તે ફાઈટર એરક્રાફ્ટ, ક્રૂઝ મિસાઈલો અને બેલેસ્ટિક મિસાઈલોને નાશ કરવાની ક્ષમતા ધરાવે છે.



1. તાજેતરમાં ગુજરાત સરકારે લોન્ચ કરેલી નવી સોલાર પાવર પોલિસી કયારથી અમલમાં આવશે ?
(A) 1 જાન્યુઆરી, 2021 (B) 1 ફેબ્રુઆરી, 2021
(C) 1 માર્ચ, 2021 (D) 26 જાન્યુઆરી, 2021 (A)

2. ગુજરાત સોલાર પાવર પોલિસી, 2021 કયાં સુધી અમલમાં રહેશે ?
(A) 31 ડિસેમ્બર, 2030 (B) 31 ડિસેમ્બર, 2023
(C) 31 ડિસેમ્બર, 2024 (D) 31 ડિસેમ્બર, 2025 (D)

3. ગુજરાત સોલાર પાવર પોલિસી, 2021 અંતર્ગત સ્થાપવામાં આવેલા પ્રોજેકટ્સના લાભો કેટલા વર્ષના સમયગાળા સુધી મેળવી શકાશે ?
(A) 20 વર્ષ (B) 25 વર્ષ (C) 30 વર્ષ (D) 50 વર્ષ (B)

4. ગુજરાત સોલાર પાવર પોલિસી, 2021 અંતર્ગત પ્રોજેકટ ડેવલપર દ્વારા વીજ વિતરણ કંપનીને ચૂકવવાની થતી સિકયોરિટી ડિપોઝિટની રકમ પ્રતિ મેગાવોટ કેટલા રૂપિયા કરવામાં આવી છે ?
(A) રૂ. 3 લાખ (B) રૂ. 4 લાખ (C) રૂ. 5 લાખ (D) રૂ. 10 લાખ (C)

5. નેશનલ કોમન મોબિલિટી કાર્ડ તાજેતરમાં કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિતભાઈ શાહ
(C) શ્રી વેંકૈયા નાયડુ (D) શ્રી રામનાથ કોવિંદ (A)

6. તાજેતરમાં કઈ મેટ્રો એકસપ્રેસ લાઈન માટે નેશનલ કોમન મોબિલિટી કાર્ડ શરૂ કરવામાં આવ્યું હતું ?
(A) કોલકાતા મેટ્રો એકસપ્રેસ લાઈન
(B) મુંબઈ મેટ્રો એકસપ્રેસ લાઈન
(C) દિલ્હી મેટ્રો એરપોર્ટ એકસપ્રેસ લાઈન
(D) જયપુર મેટ્રો એરપોર્ટ એકસપ્રેસ લાઈન (C)

7. કયા વર્ષ સુધીમાં દેશની તમામ મેટ્રોમાં 'નેશનલ કોમન મોબિલિટી કાર્ડ' ઉપલબ્ધ થશે ?
(A) વર્ષ 2025 (B) વર્ષ 2023 (C) વર્ષ 2024 (D) વર્ષ 2022 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. નેશનલ કોમન મોબિલિટી કાર્ડના ઉપયોગનો વિચાર કઈ સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યો હતો ?
(A) ડી. ટી. લાકડાવાલા સમિતિ (B) કસ્તૂરી રંગન સમિતિ
(C) એ. કે. શર્મા સમિતિ (D) નંદન નીલેકણી સમિતિ (D)

9. ભારતની પ્રથમ સ્વદેશી ન્યુમોનિયાની રસીનું નામ જણાવો ?
(A) કાર્બોસિલ (B) એરોસિલ (C) ન્યુમોસિલ (D) PCV (C)

10. ભારતની પ્રથમ સ્વદેશી ન્યુમોનિયાની રસી 'ન્યુમોસિલ' કોના દ્વારા વિકસાવવામાં આવી હતી ?
(A) સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (B) ઝાયડસ કેડિલા
(C) બાયોટેક (D) ICMR (A)

11. ભારતની પ્રથમ ન્યુમોનિયાની રસી કોના દ્વારા લોન્ચ કરવામાં આવી હતી ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) ડો. હર્ષવર્ધન
(C) શ્રી અમિતભાઈ શાહ (D) શ્રી રામનાથ કોવિંદ (B)

12. ન્યુમોસિલ વેકિસનની ટ્રાયલ ભારતની સાથે અન્ય કયા દેશમાં હાથ ધરવામાં આવી હતી ?
(A) મોઝામ્બિક (B) જામ્બિયા (C) સુદાન (D) મોરેશિયસ (B)

13. ફાઉન્ડેશન ઓફ એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન (FEE) કયા દેશમાં આવેલ છે ?
(A) સ્વીડન (B) સ્પેન (C) નેધરલેન્ડ (D) ડેનમાર્ક (D)

14. તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે દેશના કેટલા સમુદ્ર તટો પર આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ લહેરાવ્યો હતો ?
(A) 7 (B) 6 (C) 8 (D) 9 (C)

15. ઋષિકોન્ડા બીચ કયા રાજ્યાં આવેલો છે ?
(A) કર્ણાટક (B) આંધ્રપ્રદેશ (C) ઓડિશા (D) કેરળ (B)

16. આકાશ મિસાઈલ સિસ્ટમ વિશે ખોટું વિધાન જણાવો ?
(A) તાજેતરમાં વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસને મંજૂરી આપી હતી.
(B) તે શોર્ટ રેન્જ સરફેસ–ટુ–એર સ્વદેશી મિસાઈલ છે.
(C) તેનો વિકાસ DRDO દ્વારા IGMDP અંતર્ગત કરવામાં આવ્યો છે.
(D) આ મિસાઈલનું ઉત્પાદન ભારત ઈલેકટ્રોનિકસ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રીના હસ્તે રાજકોટ ખાતે નિર્માણ થનાર AIIMSનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 31 ડિસેમ્બર, 2020ના રોજ રાજકોટ ખાતે નિર્માણ થનાર AIIMS (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ)નું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત દિલ્હીથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કર્યું હતું.

- રાજકોટના ખંઢેરી ખાતે ગુજરાતની પ્રથમ નિર્માણ પામનાર અત્યાધુનિક સુવિધાઓવાળી AIIMS હોસ્પિટલ 201 એકરની વિશાળ જગ્યામાં નિર્માણ પામશે.
- રાજકોટ ખાતેની આ એઈમ્સ આશરે રૂપિયા 1,200 કરોડના ખર્ચે તૈયાર થશે.
- આ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ વર્ષ 2022થી શરૂ થશે.
- આ એઈમ્સમાં મેડિકલ કોલેજ, અદ્યતન લેબોરેટરી, નર્સિંગ કોલેજ, સ્ટાફ ક્વાટર્સ, હોસ્ટેલ જેવી સુવિધા ઉપરાંત દર્દીઓના સગા–વ્હાલાઓ માટે 250 વ્યક્તિઓની ક્ષમતાવાળુ ગેસ્ટ હાઉસ ઉપલબ્ધ હશે.
- આ હોસ્પિટલમાં દેશના કોઈપણ દર્દીની સારવાર ઉપરાંત વિદેશના દર્દીઓને પણ સુપર સ્પેશ્યાલિટી સારવાર ઉપલબ્ધ થશે જેના કારણે મેડિકલ ટુરિઝમમાં વધારો થશે અને નવી રોજગારી પણ ઉપલબ્ધ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા 'ડિજિટલ ઓશન' પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું

કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રીશ્રી ડો. હર્ષવર્ધન દ્વારા વેબ આધારિત પ્લેટફોર્મ 'ડિજિટલ ઓશન' લોન્ચ કરવામાં આવ્યું હતું.

- પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા સમુદ્રી ડેટા અને આગાહી સેવાઓ વિશેની માહિતી શેર કરવા માટે 'ડિજિટલ ઓશન' એપ્લિકેશનની શરૂઆત કરવામાં આવી હતી.
- પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અંતર્ગતના INCOIS દ્વારા આ ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.
- આ ડિજિટલ પ્લેટફોર્મ મહાસાગરોનું સ્થાયી વ્યવસ્થાપન અને ભારતની 'બ્લૂ ઈકોનોમી'ના વિસ્તારમાં મદદ કરશે.
- આ ડિજિટલ પ્લેટફોર્મ વિવિધ સંશોધન સંસ્થાઓ, સ્ટ્રેટેજીક વપરાશકર્તાઓ, ઓપરેશનલ એજન્સીઓ, શૈક્ષણિક સમુદાય, નીતિ નિર્માતાઓ, દરિયાઈ ઉદ્યોગ વગેરે માટે વન–સ્ટોપ સોલ્યુશન તરીકે કામ કરશે.

- તે સમુદ્રીય ડેટા મેનેજમેન્ટ માટેનું તેના પ્રકારનું પ્રથમ પ્લેટફોર્મ છે.

## Indian National Centre for Ocean Information Service (INCOIS)

INCOISએ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અંતર્ગત કાર્યરત સ્વાયત્ત સંસ્થા છે.

- તેની સ્થાપના વર્ષ 1999માં કરવામાં આવી હતી.
- તે વિવિધ હિતધારકોને મહાસાગર વિશે જાણકારી અને સલાહ પ્રદાન કરે છે.
- તે સુનામી, દરિયાઈ લહેરોની ઊંચાઈ વગેરે માટે ચેતવણી આપવાનું કાર્ય કરે છે.

## કેન્દ્રીય મંત્રીશ્રી ડો. હર્ષવર્ધનની GAVI બોર્ડમાં નિમણૂક

કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રીશ્રી ડો. હર્ષવર્ધનને Global Alliance for Vaccines and Immunisation (GAVI)ના સભ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

- GAVI બોર્ડમાં સભ્ય તરીકે શ્રી ડો. હર્ષવર્ધનની મુદત વર્ષ 2021થી વર્ષ 2023ની રહેશે.
- ડો. હર્ષવર્ધન સાઉથ ઈસ્ટ એશિયા રિજનલ ઓફિસ/વેસ્ટર્ન પેસિફિક રિજનલ ઓફિસનું પ્રતિનિધિત્વ કરશે.
- હાલમાં, આ બેઠક માટે મ્યાનમારના મ્યિંટ હિત્વે દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### GAVI વિશે

GAVIનું પૂરું નામ 'Global Alliance for Vaccines and Immunisation' છે.

- GAVI 'બધા માટે રસીકરણ'ના ઉદ્દેશને પ્રાપ્ત કરવા માટે કાર્ય કરે છે.
- આ ગઠબંધનનો હેતુ જીવન બચાવવું, રોગચાળાના ખતરા સામે વિશ્વનું રક્ષણ અને ગરીબી ઘટાડવાનું છે.

## ભારતીય રેલવેએ નવી વિસ્ટાડોમ પર્યટક કોચોના ટ્રાયલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું

કેન્દ્રીય રેલવેમંત્રી શ્રી પીયૂષ ગોયલે તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે ભારતીય રેલવેએ નવી વિસ્ટાડોમ પર્યટક કોચોના ટ્રાયલનું સફળતાપૂર્વક પરીક્ષણ પૂર્ણ કર્યું છે.

- આ વિસ્ટાડોમ પર્યટક કોચોનું નિર્માણ ચેન્નાઈમાં આવેલ ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી દ્વારા કરવામાં આવ્યું છે.

### વિસ્ટાડોમ ટૂરિસ્ટ કોચ વિશે

હાલમાં ભારતમાં 13 વિસ્ટાડોમ કોચ કાર્યરત છે. આ વિસ્ટાડોમ કોચ અરાકુ વેલી, દાદર અને મદગાંવ, દાર્જિલીંગ–હિમાલયન રેલવે, કાંગરા વેલી રેલવે, કાલકા–શિમલા રેલવે, નીલગિરિ માઉન્ટેન રેલવે, માથેરાન હીલ રેલવે ખાતે કાર્યરત છે.

- વિસ્ટાડોમ કોચમાં કાચની છત હોય છે તેમજ બારીઓ પ્રમાણમાં મોટી હોય છે જેથી બહારના મનોરમ્ય દૃશ્ય નિહાળી શકાય.
- આ કોચમાં પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ, રોટેટેબલ સીટો, સ્લાઈડિંગ દરવાજાઓ, દિવ્યાંગ લોકો માટે અનુકૂળ વ્યવસ્થા હોય છે.
- એક વિસ્ટાડોમ કોચ બનાવવાની કિંમત આશરે રૂ. 4 કરોડ થાય છે.

### કાલકા-શિમલા રેલવે વિશે

કાલકા–શિમલા રેલવે દુનિયાની બહુ ઓછી હેરિટેજ રેલવેમાંની એક છે. તેને યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત છે.

- કાલકા–શિમલા રેલવેને વર્ષ 2008માં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં ઉમેરવામાં આવી હતી.
- તેનું નિર્માણ હર્બર્ટ સેપ્ટિમસ હેરિંગ્ટનના માર્ગદર્શન હેઠળ વર્ષ 1898થી વર્ષ 1903ની વચ્ચે કરવામાં આવ્યું હતું.
- તેનું નિર્માણ બ્રિટિશરાજ દરમિયાન ભારતની ઉનાળાની રાજધાની શિમલાને બાકીની ભારતીય રેલવે સિસ્ટમ સાથે જોડવા માટે કરવામાં આવ્યું હતું.
- તે ભારતની ત્રણ પર્વત રેલવેમાંની એક છે. અન્ય બે દાર્જિલિંગ હિમાલયન રેલવે અને નીલગિરિ પર્વત રેલવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ત્રણેય પર્વત રેલવેને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેમજ તેને **'માઉન્ટેન રેલવેઝ ઓફ ઈન્ડિયા'** નામ આપવામાં આવ્યું છે.

## ➤ કૃષ્ણાપટનમ અને તુમકુરુ ઔદ્યોગિક ક્ષેત્રોમાં ઔદ્યોગિક કોરિડોર નોડ્સના નિર્માણને મંજૂરી

**કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ (CCEA)** દ્વારા તાજેતરમાં **કૃષ્ણાપટનમ** અને **તુમકુરુ ઔદ્યોગિક ક્ષેત્રોમાં ઔદ્યોગિક કોરિડોર નોડ્સના** નિર્માણની મંજૂરી આપવામાં આવી છે.

- **કૃષ્ણાપટનમ ઔદ્યોગિક ક્ષેત્ર આંધ્રપ્રદેશ રાજ્યમાં** સ્થિત છે અને **તુમકુરુ ઔદ્યોગિક ક્ષેત્ર કર્ણાટક રાજ્યમાં** સ્થિત છે.
- આ બંને ઔદ્યોગિક ક્ષેત્રો **ચેન્નાઈ-બેંગાલુરુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (CBIC)**નો હિસ્સો છે.

કેન્દ્ર સરકારે નીચે આપેલા પાંચ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરને મંજૂરી આપેલી છે :

| ક્રમ | ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર | રાજ્યો | રાજ્યની સંખ્યા |
|---|---|---|---|
| 1 | દિલ્હી–મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (DMIC) | ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર | 6 |
| 2 | અમૃતસર–કોલકાતા ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (AKIC) | પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ પશ્ચિમ બંગાળ | 7 |
| 3 | ચેન્નાઈ–બેંગાલુરુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (CPIC) | આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ | 4 |
| 4 | ઈસ્ટ કોસ્ટ ઈકોનોમિક કોરિડોર (ECEC) | પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ | 4 |
| 5 | બેંગાલુરુ–મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (BMIC) | કર્ણાટક, મહારાષ્ટ્ર | 2 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં વડાપ્રધાનશ્રીના હસ્તે ગુજરાતના કયા જિલ્લામાં નિર્માણ થનાર પ્રથમ AIIMSનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું ?
(A) અમદાવાદ (B) રાજકોટ (C) વડોદરા (D) સુરત (B)

2. રાજકોટના ખંઢેરીમાં નિર્માણ પામનારી AIIMS કયા વર્ષથી કાર્યરત થશે ?
(A) વર્ષ 2021 (B) વર્ષ 2022 (C) વર્ષ 2023 (D) વર્ષ 2025 (B)

3. 'ડિજિટલ ઓશન પ્લેટફોર્મ' તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) રેલવે મંત્રાલય (B) કૃષિ મંત્રાલય
(C) પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (D) સંરક્ષણ મંત્રાલય (C)

4. Indian National Centre for Ocean Information Services (INCOIS) કયા મંત્રાલય અંતર્ગત કાર્યરત સંસ્થા છે ?
(A) રેલવે મંત્રાલય (B) કૃષિ મંત્રાલય
(C) પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (D) સંરક્ષણ મંત્રાલય (C)

5. કેન્દ્ર સરકારના કયા મંત્રીશ્રીની GAVI બોર્ડમાં સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી ?
(A) શ્રી પિયૂષ ગોયલ (B) શ્રી રાજનાથ સિંહ
(C) શ્રી પ્રકાશ જાવડેકર (D) શ્રી ડૉ. હર્ષવર્ધન (D)

6. વિસ્ટાડોમ પર્યટક કોચોનું નિર્માણ કરનારી ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી ભારતમાં કયા આવેલી છે?
(A) મુંબઈ (B) નોઈડા (C) ચેન્નાઈ (D) વિશાખાપટ્ટનમ (C)

7. 'માઉન્ટેન રેલવેઝ ઓફ ઈન્ડિયા'માં નીચેના પૈકી કઈ રેલવે લાઈનનો સમાવેશ થતો નથી ?
(A) દાર્જિલિંગ હિમાલયન રેલવે (B) નીલગિરિ પર્વત રેલવે
(C) કાંગરાવેલી રેલવે (D) કાલકા–શિમલા રેલવે (C)

8. કૃષ્ણાપટનમ ઔદ્યોગિક ક્ષેત્ર કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) આંધ્રપ્રદેશ (B) તેલંગાણા (C) કર્ણાટક (D) ઓડિશા (A)

9. નીચેના પૈકી કયા ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં સૌથી વધુ રાજ્યોનો સમાવેશ થાય છે ?
(A) દિલ્હી–મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર
(B) અમૃતસર–કોલકાતા ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર
(C) ચેન્નાઈ–બેંગાલુરુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર
(D) બેંગાલુરુ–મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 1 જાન્યુઆરી, વૈશ્વિક પરિવાર દિવસ (Global Family Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 જાન્યુઆરીને 'વૈશ્વિક પરિવાર દિવસ (Global Family Day)' તરીકે ઉજવવામાં આવે છે.

- 'વૈશ્વિક પરિવાર દિવસ'ને 'વિશ્વશાંતિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ પરિવારના લોકોને એકસાથે લાવવા અને સંયુકત સમાજની રચના કરવાનો છે.
- વર્ષ 1997માં સંયુકત રાષ્ટ્રએ 'વૈશ્વિક પરિવાર દિવસ'ની ઉજવણીની ઘોષણા કરી હતી.

## ➢ PFRDAએ નેશનલ પેન્શન સિસ્ટમમાંથી બહાર નીકળવા માટે ઓનલાઈન વિકલ્પની જાહેરાત કરી

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે સબસ્ક્રાઈબર્સ નેશનલ પેન્શન સિસ્ટમમાંથી બહાર નીકળવા માટે ઓનલાઈન મોડનો ઉપયોગ કરી શકે છે.

- ઓનલાઈન પ્રક્રિયામાં, નેશનલ પેન્શન સિસ્ટમના સબસ્ક્રાઈબર્સ સેન્ટ્રલ રેકોર્ડ કિપિંગ એજન્સી સિસ્ટમમાં એક્ઝિટની વિનંતી કરી શકે છે. વિવિધ ઓળખપત્રોનો ઉપયોગ કરીને આ સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન પૂરી કરવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### PFRDA વિશે

PFRDAનું પૂરું નામ 'પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી' છે.

- PFRDAની સ્થાપના 23 ઓગસ્ટ, 2003ના રોજ કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી એક્ટ, 2013 હેઠળ વૈધાનિક સંસ્થા (Statutory Body)નો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- PFRDAના વર્તમાન ચેરમેન સુપ્રતીમ બંદોપાધ્યાય છે.
- PFRDAમાં એક ચેરપર્સન અને વધુમાં વધુ 6 સભ્યોનો સમાવેશ કરી શકાય છે. આમાંના ઓછામાં ઓછા 3 સભ્યોની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે.

## ➤ નાગાલેન્ડને 'AFSPA' હેઠળ 'ડિસ્ટર્બ્ડ એરિયા' જાહેર કરાયું

**કેન્દ્રીય ગૃહમંત્રાલયે** તાજેતરમાં **આર્મ્ડ ફોર્સિસ (સ્પેશિયલ પાવર્સ) એક્ટ, 1958** હેઠળ આવતા **6 મહિના** માટે **નાગાલેન્ડને 'ડિસ્ટર્બ્ડ એરિયા'** જાહેર કર્યું.

### નાગાલેન્ડમાં AFSPA હેઠળ વર્તમાન પરિસ્થિતિ

30 જૂન, 2020ના રોજ નાગાલેન્ડને 6 મહિનાના સમયગાળા માટે 'ડિસ્ટર્બ્ડ એરિયા' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

- નાગાલેન્ડ રાજ્ય 6 દાયકાથી વધુ સમયથી AFSPA હેઠળ છે.
- નાગાલેન્ડની નેશનાલિસ્ટ સોશિયાલિસ્ટ કાઉન્સિલ અને ભારત સરકાર વચ્ચે કરાર પર હસ્તાક્ષર થયા પછી પણ આ કાયદો પાછો ખેંચવામાં આવ્યો ન હતો.

### નાગાલેન્ડ કેમ સતત 'ડિસ્ટર્બ્ડ એરિયા' જાહેર થાય છે ?

નાગાલેન્ડ રાજ્યના વિવિધ ભાગોમાં હત્યા, ખંડણી અને લૂંટના બનાવો બનતા નાગાલેન્ડને 'વિક્ષેપિત વિસ્તાર' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

- 18 જેટલા વર્ષો દરમિયાન 80 કરતા પણ વધુ વાટાઘાટો થઈ હોવા છતાં પણ ત્યાં શાંતિ સ્થાપવામાં સફળતા મળી નથી. નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ (NSCN) અલગ ધ્વજ અને બંધારણની માંગ કરી રહ્યું છે, જે કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકાર્ય નથી.
- આનાથી નાગાલેન્ડમાં સ્થાનિક બળવાખોરી પ્રવૃત્તિઓ ચાલુ રહે છે.

### કોઈપણ પ્રદેશને 'ડિસ્ટર્બ્ડ એરિયા (વિક્ષેપિત વિસ્તાર)' તરીકે કોણ જાહેર કરી શકે છે ?

- જે તે **રાજ્યના રાજ્યપાલ** અથવા **કેન્દ્ર સરકાર** જે તે **રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશનો સંપૂર્ણ ભાગ** અથવા **અમુક ભાગ 'વિક્ષેપિત વિસ્તાર'** તરીકે જાહેર કરી શકે છે.
- 'વિક્ષેપિત વિસ્તાર' જાહેર થયા પછી, જેતે ક્ષેત્ર **'ડિસ્ટર્બ્ડ એરિયાસ (સ્પેશિયલ કોર્ટ્સ) એક્ટ, 1976'** મુજબ 3 મહિના સુધી 'ડિસ્ટર્બ' કેટેગરીમાં રહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### AFSPA અંતર્ગત સશસ્ત્ર બળોની વિશેષ સત્તાઓ

- AFSPA અધિનિયમ દ્વારા સશસ્ત્ર બળો, રાજ્ય કે કેન્દ્રીય પોલીસ બળને ઉગ્રવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી સંપત્તિ અથવા ઘરને નષ્ટ કરવાનો, તપાસ કરવાનો તથા ગોળી મારવાનો અધિકાર આપવામાં આવ્યો છે.
- પોતાની વિશેષ સત્તાઓના ઉપયોગના બદલામાં સશસ્ત્ર બળોને કોઈપણ ચુકાદા સામે સુરક્ષા આપવામાં આવેલી છે.

## સહાયક એનજી : ભારતના પ્રથમ સ્વદેશી એર ડ્રોપ્ડ કન્ટેનરનું સફળતાપૂર્વક પરીક્ષણ

- DRDO (Defence Research Development Organization)એ ભારતીય નૌસેના સાથે મળીને ગોવામાં IEL-38SD વિમાનની મદદથી 'સહાયક-એનજી'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.
- સહાયક–એનજી ભારતનું પ્રથમ સ્વદેશી રીતે વિકસિત હવામાંથી નીચે ફેંકી શકાય તેવું કંટેનર છે.

### સહાયક-એનજીની ડિઝાઈન કોના દ્વારા કરવામાં આવી છે ?

- સહાયક–એનજીની ડિઝાઈન DRDO અને પ્રાઈવેટ કંપની એવેન્ટેલ દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- સહાયક–એનજીના વિકાસમાં સામેલ અન્ય કંપનીઓમાં NTSL, વિશાખાપટ્ટનમ અને ARDE, આગ્રાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સહાયક-એનજી ભારતીય નૌકાદળને કેવી રીતે મદદ કરશે ?

- સહાયક–એનજી દરિયાકાંઠાથી બે હજાર કિલોમીટર કરતાં પણ વધુ અંતરે આવેલા જહાજોને મહત્ત્વપૂર્ણ એન્જિનિયરીંગ સ્ટોર પ્રદાન કરે છે.
- તે દરિયાકાંઠાની નજીક આવવા વહાણોની જરૂરિયાતને ઘટાડે છે.

### સહાયક-એનજીની મુખ્ય લાક્ષણિકતાઓ

- સહાયક–એનજી 50 કિલોગ્રામ સુધીનો પેલોડ લઈ જઈ શકે છે.
- તેને ભારે વિમાનમાંથી ઉતારી શકાય છે.
- તે એક GPS સક્ષમ કંટેનર છે.
- તે શાયક MK-Iનું અદ્યતન સંસ્કરણ છે.

## કેન્દ્રીય વિદેશ મંત્રાલય દ્વારા 'ગ્લોબલ પ્રવાસી રિશ્તા પોર્ટલ' અને મોબાઈલ એપ લોન્ચ

કેન્દ્રીય વિદેશ મંત્રાલયે દુનિયાભરમાં ફેલાયેલા 3.12 કરોડ ભારતીય ડાયસ્પોરોને જોડવા માટે 'ગ્લોબલ પ્રવાસી રિશ્તા પોર્ટલ' અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી હતી.

- તે ભારતીય મિશન (એટલે કે દૂતાવાસો), વિદેશ બાબતોના મંત્રાલય અને ભારતીય ડાયસ્પોરા વચ્ચે ત્રિ–માર્ગીય સંદેશા વ્યવહારને સરળ બનાવશે.
- ભારતીય ડાયસ્પોરા એટલે વિદેશોમાં વસતી ભારતીય મૂળની વસતી.
- આ પોર્ટલ દુનિયાભરમાં ફેલાયેલા NRI (નોન–રેસિડેન્ટ ઈન્ડિયન્સ), PIO (પર્સન ઓફ ઈન્ડિયન ઓરિજિન) અને OCI (ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા) જેવાં સમુદાયો માટે પણ ઉપલબ્ધ હશે.
- આ પોર્ટલ ભારતીય ડાયસ્પોરાને હાલની અને નવી સરકારી યોજનાઓ સાથે જોડવામાં મદદ કરશે.
- આ પોર્ટલ કટોકટી વ્યવસ્થાપન માટે ભારતીય ડાયસ્પોરાને મદદ કરશે.



1. 'વૈશ્વિક પરિવાર દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 31 ડિસેમ્બર (B) 1 જાન્યુઆરી (C) 30 ડિસેમ્બર (D) 29 ડિસેમ્બર **(B)**

2. પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) વિશે ખોટું વિધાન જણાવો ?
(A) PFRDAએ નેશનલ પેન્શન સિસ્ટમમાંથી બહાર નીકળવા માટે તાજેતરમાં ઓનલાઈન વિકલ્પની જાહેરાત કરી.
(B) PFRDAની સ્થાપના વર્ષ 2003માં કરવામાં આવી હતી.
(C) PFRDAએ વૈધાનિક સંસ્થા છે.
(D) PFRDAમાં એક ચેરપર્સન અને વધુમાં વધુ 10 સભ્યોનો સમાવેશ કરી શકાય છે. **(D)**

3. તાજેતરમાં AFSPA હેઠળ કયા રાજ્યની 'ડિસ્ટર્બ્ડ એરિયા' તરીકે જાહેરાત કરાઈ ?
(A) સિક્કિમ (B) મણિપુર (C) નાગાલેન્ડ (D) અરૂણાચલપ્રદેશ **(C)**

4. ભારતના પ્રથમ સ્વદેશી એરડ્રોપ્ડ કંટ્રેનરનું નામ જણાવો ?
(A) સહાયક–એફજી (B) સહાયક–એનજી
(C) શાયક–એનજી (D) શાયક–એફજી **(B)**

5. સહાયક–એનજી વિશે ખોટું વિધાન જણાવો ?
(A) સહાયક–એનજીનું પરીક્ષણ તાજેતરમાં DRDO અને ભારતીય નૌસેનાએ વિશાખાપટ્ટનમ ખાતે કર્યું હતું.
(B) સહાયક–એનજીની ડિઝાઈન DRDO અને પ્રાઈવેટ કંપની એવેન્ટેલ દ્વારા તૈયાર કરવામાં આવી છે.
(C) સહાયક–એનજી 50 કિલોગ્રામ સુધીનો પેલોડ લઈ જઈ શકે છે.
(D) તે શાયક MK-Iનું અદ્યતન સંસ્કરણ છે. **(A)**

6. ગ્લોબલ પ્રવાસી રિશ્તા પોર્ટલ તથા મોબાઈલ એપ તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવી હતી ?
(A) કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય
(B) કેન્દ્રીય કૃષિ મંત્રાલય
(C) કેન્દ્રીય રમતગમત, અને યુવા બાબતોના મંત્રાલય
(D) કેન્દ્રીય વિદેશ મંત્રાલય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'GHTC-ભારત' અંતર્ગત 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ'નો શિલાન્યાસ કર્યો

1 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતમાં રાજકોટ સહિત દેશના 6 રાજ્યોમાં ગરીબો માટેના શહેરી આવાસોના લાઈટ હાઉસ પ્રોજેક્ટનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી શિલાન્યાસ કર્યો હતો.

- રાજકોટમાં 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ' હેઠળ નવી ટેકનોલોજીના સહારે રૂ. 118 કરોડના ખર્ચે 1,144 આવાસોનું નિર્માણ કરવામાં આવશે.
- દેશના 6 રાજ્યોના 6 શહેરોમાં નિર્માણ પામનારા આવાસો અત્યાધુનિક, એફોર્ડેબલ અને આપદા પ્રતિરોધક હશે.
- આ આવાસોના નિર્માણમાં પ્રવર્તમાન કન્સ્ટ્રક્શન પદ્ધતિના બદલે આર્થિક રીતે પરવડે તેવી, હોનારતોમાં ટકી શકે તેવી મજબૂત અને પર્યાવરણને સાનુકૂળ એવી ગ્રીન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

### કયા સ્થળો માટે 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ'નો શિલાન્યાસ વડાપ્રધાનશ્રીએ કર્યો ?

| ક્રમ | સ્થળ/શહેર | રાજ્ય |
|---|---|---|
| 1 | રાજકોટ | ગુજરાત |
| 2 | રાંચી | ઝારખંડ |
| 3 | અગરતલા | ત્રિપુરા |
| 4 | ચેન્નાઈ | તમિલનાડુ |
| 5 | લખનૌ | ઉત્તરપ્રદેશ |
| 6 | ઈન્દૌર | મધ્યપ્રદેશ |

### 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ' અંતર્ગત વિવિધ દેશોની ટેકનોલોજીનો ઉપયોગ

હાઈ એન્ડ ટેકનોલોજીથી બનતા આવાસોમાં રાજકોટમાં ફ્રેન્ચ, લખનૌમાં કેનેડા, રાંચીમાં જર્મન થ્રીડી કન્સ્ટ્રક્શન સિસ્ટમ, ચેન્નાઈમાં અમેરિકા અને અગતલામાં ન્યુઝીલેન્ડની સ્ટીલ ફ્રેમ ટેક્નોલોજીનો ઉપયોગ થશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત ફ્લેટનો ખર્ચ

લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગતના પ્રત્યેક ફ્લેટ માટે રૂ. 12.59 લાખનો ખર્ચ થશે. જેમાંથી કેન્દ્ર અને રાજ્ય સરકાર રૂ. 7.83 લાખનું અનુદાન આપશે.

- લાભાર્થીને રૂ. 4.76 લાખ આપવાના રહેશે.

## ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી ચેલેન્જ (GHTC)-ભારત વિશે

GHTC–ભારત યોજના કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી, 2019માં લોન્ચ કરવામાં આવી હતી.

- આ ચેલેન્જનો ઉદ્દેશ સર્વોત્તમ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઓછા સમયમાં સસ્તી કિંમતના મકાનો તૈયાર કરવાનો છે.

# RoDTEP યોજનાનો લાભ તમામ નિકાસ પામતાં માલ સુધી પહોંચાડવામાં આવશે

કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેરાત કરી હતી કે RoDTEP (Remisson of Duties and Taxes on Exported Products) યોજનાનો લાભ તમામ નિકાસ પામતાં માલ સુધી પહોંચાડવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## RoDTEP યોજના શું છે ?

આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતની નિકાસને વેગ આપવા માટે RoDTEP યોજના વર્ષ 2020માં શરૂ કરવામાં આવી હતી.

- આ યોજના અંતર્ગત કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્તરે વસૂલવામાં આવતા વેરા, કર અથવા ફરજોની ભરપાઈ કરવા માટે એક મિકેનીઝમ વિકસાવવામાં આવશે.

## RoDTEP યોજના દ્વારા કઈ યોજનાને બદલવામાં આવી ?

મર્ચન્ડાઈઝ એકસપર્ટ્સ ફ્રોમ ઈન્ડિયા સ્કિમ (MEIS)ને RoDTEP (Remission of Duties and Taxes on Exported Products) તરીકે બદલવામાં આવી છે.

- તે ભારતમાં ઉત્પન્ન થતા માલની નિકાસમાં સામેલ માળખાકીય અપૂર્ણતા અને તેનાથી સંબંધિત ખર્ચને સરભર કરવા માટે રજૂ કરવામાં આવી હતી.

## મર્ચન્ડાઈઝ એક્સપર્ટ્સ ફ્રોમ ઈન્ડિયા સ્કિમ (MEIS)ને RoDTEP યોજનાથી કેમ બદલવામાં આવી ?

MEISએ World Trade Organization (WTO) સાથે સુસંગત ન હતી.

## RoDTEP યોજના WTO સાથે કેવી રીતે સુસંગત છે ?

RoDTEP યોજના નિકાસકારો માટેના ઉત્પાદન પછીના વ્યવહારોના ખર્ચને ઘટાડવા માટે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) સાથે સંકલન કરશે.

- WTOના નિયમો અનુસાર RoDTEP યોજના અંતર્ગત ઉત્પાદનલક્ષી પ્રક્રિયાઓ પ્રદાન કરવામાં આવશે. તેનાથી MSMEsના ઉત્પાદનમાં વધારો કરવામાં મદદ મળશે.
- ઉપરાંત, આ યોજના હેઠળ પરોક્ષ કરનો (Indirect Taxes) ઉત્પાદન પ્રક્રિયામાં વપરાશ કરવામાં આવે છે. તે WTO સાથે પણ સુસંગત છે.

## RoDTEP યોજનાના ફાયદાઓ શું છે ?

RoDTEP યોજના હેઠળ, ભારતના નિકાસકારો નિકાસ માટેના આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરશે. આનાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ઉત્પાદનોના મૂલ્યમાં વધારો થશે.

- RoDTEP યોજનાએ MEIS યોજનાને બદલીને ઈનપુટ ટેક્સ ક્રેડિટ માટેનો સ્વચાલિત માર્ગ બનાવ્યો છે. ઈનપુટ ટેક્સ ક્રેડિટનો અર્થ આઉટપુટ પર ટેક્સ ભરવાના સમયે, તમે ઈનપુટ્સ પર પહેલેથી ચુકવેલો ટેક્સ ઘટાડી શકો છો અને બાકીની રકમ ચૂકવી શકો છો.
- તેથી, તે ડબલટેક્સ ભરવાનું ટાળવામાં મદદ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# કોવિડ-19 કટોકટી દરમિયાન 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' હેઠળ 14 કરોડથી વધુ ગેસ સિલિન્ડરો પ્રદાન કરવામાં આવ્યા

પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલયે તાજેતરમાં જાહેરાત કરી હતી કે કોવિડ-19 કટોકટી દરમિયાન 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' હેઠળ વિનામૂલ્યે 14 કરોડથી વધુ ગેસ સિલિન્ડરો યોજનાના લાભાર્થીઓને પ્રદાન કરવામાં આવ્યા છે.

## તાજેતરના LPGના ભાવ વધારા પાછળનું કારણ શું છે ?

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દર મહિનાના પ્રથમ દિવસે ગેસ સિલિન્ડરના ભાવમાં સુધારો કરે છે. ભાવ સુધારણા આંતરરાષ્ટ્રીય બજાર દરો પર આધારિત છે. આંતરરાષ્ટ્રીય બજાર ભાવોમાં થયેલા ફેરફારને કારણે તાજેતરમાં ભારતમાં LPGના ભાવમાં વધારો થયો છે.

## ભારતમાં LPGના ભાવ કેવી રીતે નક્કી થાય છે ?

ભારતમાં LPGના ભાવો **'ઈમ્પોર્ટ પેરિટી પ્રાઈસ'**ના આધારે નક્કી થાય છે.

- ઈમ્પોર્ટ પેરિટી પ્રાઈસ આંતરરાષ્ટ્રીય બજારમાં LPGના ભાવોના આધારે નક્કી કરવામાં આવે છે.
- તે **સાઉદી અરેબિયાના અરામકોના LPG ભાવો** પર આધારિત હોય છે.

## ઈમ્પોર્ટ પેરિટી પ્રાઈસ શું છે ?

યુનાઈટેડ નેશન્સના વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ અનુસાર આયાત કરવામાં આવતી વસ્તુની સરહદ પરની કિંમતને **'ઈમ્પોર્ટ પેરિટી પ્રાઈસ'** કહે છે.

- તેમાં આંતરરાષ્ટ્રીય પરિવહન ખર્ચ અને દરોનો સમાવેશ થાય છે.

**ICE FACT :**

(1) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા **1 મે, 2016**ના રોજ **ઉત્તરપ્રદેશના બલિયા ખાતેથી** શરૂ કરવામાં આવી હતી.

(2) PMUY અંતર્ગત **BPL (Below Poverty Line) પરિવારોની મહિલાઓને મફત LPG ગેસ** કનેકશન આપવામાં આવે છે.

(3) PMUYનું સ્લોગન **'સ્વચ્છ ઈંધન, બેહતર જીવન'** છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ RBIએ ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સ બહાર પાડયો

**રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા**એ તાજેતરમાં **ભારતમાં કેશલેસ ટ્રાન્ઝેકશનમાં થયેલ વૃદ્ધિને માપવા** માટે **'ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સ'** બહાર પાડયો છે.

## ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સના પરિમાણો શું છે ?

ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સમાં **પાંચ વ્યાપક પરિમાણોનો સમાવેશ** થાય છે. દેશમાં ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સને માપવા માટે તેના પરિમાણોનાં અલગ–અલગ ભારણ છે જે નીચે મુજબ છે :

| ક્રમ | પરિમાણ | ડિજિટલ પેમેન્ટસને માપવા માટે તેનું ભારણ |
|---|---|---|
| 1 | પેમેન્ટ ઈમેબ્લર્સ | 25% |
| 2 | પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર–ડિમાન્ડ સાઈડ ફેક્ટર્સ | 10% |
| 3 | પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર–સપ્લાય સાઈડ ફેક્ટર્સ | 15% |
| 4 | પેમેન્ટ પર્ફોર્મન્સ | 45% |
| 5 | કન્ઝયુમર સેન્ટ્રિસિટી | 5% |

### ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સના પેમેન્ટ ઈમેબ્લર્સના પેટા પરિમાણો શું છે ?

ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેકસના પેમેન્ટ ઈનબ્લર્સના પરિબળોમાં ઈન્ટરનેટ, મોબાઈલ, બેંક એકાઉન્ટ, વેપારીઓ અને સહભાગીઓનો સમાવેશ થાય છે.

### ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સના પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પેટા પરિમાણ કયા છે ?

ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેકસના પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પેટા પરિમાણોમાં ક્રેડિટ કાર્ડ, પ્રિપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટસ, ડેબિટ કાર્ડ, પોઈન્ટ ઓફ સેલ ટર્મિનલ્સ, ક્વીક રિસ્પોન્સ કોડ, ઓટોમેટેડ ટેલર મશીન (ATM) વગેરેનો સમાવેશ થાય છે.

### ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સના પેમેન્ટ પર્ફોર્મન્સના પેટા પરિમાણો કયાં છે ?

- ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સમાં પેમેન્ટ પર્ફોર્મન્સ સૌથી વધુ ભારણ ધરાવે છે.
- પેમેન્ટ પર્ફોર્મન્સના પેટા પરિમાણોમાં પેપર ક્લિયરીંગ, કેશ વિથડ્રોલ્સના નિયમો, ઈ વોલ્યુમ અને ડિજિટલ પેમેન્ટનું મૂલ્ય, અનન્ય વપરાશકર્તાઓ વગેરેનો સમાવેશ થાય છે.

### ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડકેસના કન્ઝયુમર સેન્ટ્રિસિટીના પેટા પરિમાણો કયાં છે

RBI ગ્રાહક શિક્ષણ અને જાગૃતિ, ફરિયાદો, છેતરપિંડીઓ વગેરે કન્ઝયુમર સેન્ટ્રિસિટીના પેટા પરિમાણો છે.

### વર્ષ 2019 અને વર્ષ 2020 માટે ડિજિટલ પેમેન્ટસ ઈન્ડેક્સ શું હતો ?

વર્ષ 2019 માટે ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેકસ 153.47 અંક રહયો હતો જ્યારે વર્ષ 2020 માટે ડિજિટલ પેમેન્ટસ ઈન્ડકેસ 207.84 અંક રહયો હતો.

### RBIના ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સનું બેઝ યર (આધાર વર્ષ) કયું છે ?

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડકેસ માટે <u>બેઝ યર વર્ષ 2018</u>ને નિર્ધારિત કર્યુ છે.

### ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેક્સ ક્યારે જાહેર થાય છે ?

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા <u>માર્ચ 2021થી અર્ધવાર્ષિક ધોરણે</u> ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેકસ પ્રકાશિત કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SATURDAY Questions

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ'નો વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી શિલાન્યાસ કર્યો હતો ?

(A) અમદાવાદ (B) રાજકોટ (C) વડોદરા (D) આણંદ **(B)**

2. 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ'નો વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં વિવિધ શહેરોમાં વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી શિલાન્યાસ કર્યો હતો જે પૈકી નીચેનામાંથી કયા શહેરનો સમાવેશ થતો નથી ?

(A) રાંચી (B) અગરતલા

(C) તિરૂવનંતપુરમ (D) ઈન્દોર **(C)**

3. 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ' અંતર્ગત નિર્માણ પામનારા આવાસોમાં વિવિધ શહેરોમાં વિવિધ દેશોની ટેકનોલોજીનો ઉપયોગ થશે જે મુજબ નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) રાજકોટમાં નિર્માણ પામનારા આવાસોમાં ફ્રાન્સની ટેકનોલોજીનો ઉપયોગ થશે.

(B) લખનૌમાં નિર્માણ પામનારા આવાસોમાં કેનેડાની ટેકનોલોજીનો ઉપયોગ થશે.

(C) અગરતલામાં નિર્માણ પામનારા આવાસોમાં ન્યૂઝીલેન્ડની ટેકનોલોજીનો ઉપયોગ થશે.

(D) ચેન્નાઈમાં નિર્માણ પામનારા આવાસોમાં સ્વિટ્ઝરલેન્ડની ટેકનોલોજીનો ઉપયોગ થશે. **(D)**

4. ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ (GHTC)-ભારત ક્યારે લોન્ચ કરવામાં આવી હતી ?

(A) ફેબ્રુઆરી, 2018 (B) ફેબ્રુઆરી, 2019

(C) માર્ચ, 2019 (D) માર્ચ, 2018 **(B)**

5. Remission of Duties and Taxes on Exported Products (RoDTEP) વિશે ખોટું વિધાન જણાવો ?

(A) RoDTEP યોજનાની શરૂઆત વર્ષ 2019માં કરવામાં આવી હતી.

(B) RoDTEP યોજનાને 'મર્ચન્ડાઈઝ એક્સપર્ટ્સ ફ્રોમ ઈન્ડિયા સ્કિમ (MEIS)'થી બદલવામાં આવી છે.

(C) RoDTEP યોજના આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતની નિકાસને વેગ આપશે.

(D) RoDTEP યોજનાની મદદથી ડબલ ટેક્સ ભરવાનું ટાળવામાં મદદ મળશે. **(A)**

6. ભારતમાં LPGના ભાવો શેના આધારે નક્કી થાય છે ?

(A) પર્ચેસ પાવર પેરિટી (B) ઈમ્પોર્ટ પેરિટી પ્રાઈસ

(C) એક્સપોર્ટ પેરિટી પ્રાઈસ (D) ફૂગાવાને આધારે **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**7.** પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાંથી કરી હતી ?

(A) બિહાર (B) ઝારખંડ (C) છત્તીસગઢ (D) ઉત્તરપ્રદેશ **(D)**

**8.** પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનું સ્લોગન શું છે ?

(A) સ્વચ્છ ઈંધન, બહેતર કલ (B) સ્વચ્છ ઈંધન, બેહતર જીવન

(C) સ્વસ્થ ઈંધન, બહેતર કલ (D) સ્વચ્છ ઈંધન, સ્વસ્થ જીવન **(B)**

**9.** ‘ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેકસ’ બાબતે ખોટું વિધાન જણાવો ?

(A) ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેકસમાં મુખ્યત્વે પાંચ પરિમાણોનો સમાવેશ થાય છે.

(B) ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેકસના વિવિધ પરિમાણોમાં સૌથી વધુ ભારણ પેમેન્ટ પર્ફોર્મન્સ ધરાવે છે.

(C) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા માર્ચ 2021થી અર્ધવાર્ષિક ધોરણે ડિજિટલ પેમેન્ટસ ઈન્ડેકસ પ્રકાશિત કરશે.

(D) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ડેકસ માટે બેઝ યર વર્ષ 2017ને નિર્ધારિત કર્યું છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




# ONE LINER

## ગુજરાત

**‘ખુશ્બુ ગુજરાત કી’ મેગેઝીનમાં પ્રથમ પેજ પર ઈડરિયા ગઢનો ફોટો પ્રસિદ્ધ કરવામાં આવ્યો**

ગુજરાત રાજ્યના પ્રવાસન વિભાગે ઈડરિયા ગઢનો પ્રવાસન વિભાગમાં સમાવેશ કર્યો હતો. તેમજ તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ‘ખુશ્બુ ગુજરાત કી’ મેગેઝીનમાં તેનો પ્રથમ પાના પર ફોટો પ્રસિદ્ધ કર્યો હતો. ઈડરિયો ગઢ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે આવેલો છે.

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદની સાયન્સસિટીની મુલાકાત લીધી**

અમદાવાદની સાયન્સ સિટીની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સાયન્સ સિટીમાં બની રહેલ ગ્લોબલ રોબોટિક ગેલેરી અને દેશના સૌથી મોટા એક્વેરિયમના કાર્યોની સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ સાયન્સ સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા ‘અવર સાઈટ્સ અગેઈન્સ્ટ કોવિડ -19’ પુસ્તિકાનું પણ વિમોચન કર્યું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીના નવા મેનેજિંગ ડિરેક્ટરપદે શ્રી કે. સી. સંપતની નિમણૂક**

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડમાં નવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે IAS કે. સી. સંપતની નિમણૂક રાજ્ય સરકારે કરી હતી. ઉલ્લેખનીય છે કે શ્રી કે. સી. સંપત અત્યાર સુધી ઉત્તરપ્રદેશમાં રાજ્યપાલનો હોદ્દો ધરાવતા શ્રી આનંદી બહેન પટેલ સાથે ફરજ બજાવતા હતા અને આનંદીબહેન જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી પદે હતા ત્યારે એમના કાર્યાલયમાં કાર્યરત હતા.

**દેશના પહેલા બ્લૂ ફ્લેગ બીચ શિવરાજપુર બીચને ખુલ્લો મૂકવામાં આવ્યો**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચને કેન્દ્રીય વન પર્યાવરણમંત્રી શ્રી પ્રકાશ જાવડેકર દ્વારા ઈ-મોબાઈલના માધ્યમથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## ઈસરોના અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર તરીકે ગુજરાતી નિલેશભાઈ દેસાઈની નિમણૂક

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ની સંશોધન સંસ્થા સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC)ના નિયામક તરીકે જાણીતા ગુજરાતી વૈજ્ઞાનિક શ્રી નિલેશભાઈ દેસાઈની નિમણૂક કરવામાં આવી છે. ત્રણ દશકાથી ઈસરો સાથે કાર્યરત અને હાલમાં એસોસિએટ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતાં શ્રી નિલેશભાઈ દેસાઈએ 1 જાન્યુઆરી 2021ના રોજ ચાર્જ સંભાળ્યો હતો. અગાઉ વર્ષ 1985માં ડો. ભાવસાર SACના ડાયરેક્ટર તરીકે હતા. ત્યારબાદ 35 વર્ષના લાંબા સમય બાદ ગુજરાતી વૈજ્ઞાનિક અવકાશ સંસ્થામાં મહત્ત્વની જવાબદારી સંભાળશે.

## ગાંધીનગરના ગિફ્ટસિટીમાં બુલિયન વોલ્ટ સર્વિસિસનો પ્રારંભ

દેશના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (IFSC)માં સોના અને ચાંદીના સંગ્રહ માટે સિક્વલ લોજીસ્ટિક્સ દ્વારા પ્રેશિયસ કોમોડિટીઝ વોલ્ટના લોંચ સાથે ગિફ્ટ સિટીમાં બુલિયન વોલ્ટિંગ સર્વિસિસનો પ્રારંભ થયો છે. સિક્વલ લોજીસ્ટિક્સે ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક્ સિટી (GIFT સિટી)માં પ્રેશિયસ કોમોડિટીઝ વોલ્ટની શરૂઆત કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ભારત

## જલ જીવન મિશન દ્વારા 'ન્યૂ ઈનોવેશન ચેલેન્જ' શરૂ કરાઈ

જલ જીવન મિશન અને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા પોર્ટેબલ જળ પરીક્ષણ ઉપકરણો વિકસાવવા માટે 'ન્યૂ ઈનોવેશન ચેલેન્જ' શરૂ કરવામાં આવી. આ ન્યૂ ઈનોવેશન ચેલેન્જનો હેતુ પીવાના પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટે સસ્તા ટેક્નોલોજીકલ સમાધાન વિકસિત કરવાનો છે.

## મિશન સાગર-III અંતર્ગત INS કિલ્તાન કંબોડિયા પહોંચ્યું હતું.

INS કિલ્તાન તાજેતરમાં મિશન સાગર III હેઠળ કંબોડિયાના સિહનુકવિલ્લે પોર્ટ પર પહોંચ્યું હતું. આ જહાજ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોને મદદ કરવામાં આવી હતી. મિશન સાગર III અંતર્ગત ભારત અન્ય દેશોને માનવતાવાદી સહાયતા પૂરી પાડે છે.

SAGAR :- Security and Growth for All in the Region

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**IRDAI એ 'સ્ટાન્ડર્ડ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પોલિસી'ની દરખાસ્ત કરી**

ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI)એ તાજેતરમાં 'સ્ટાન્ડર્ડ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પોલિસી'ની દરખાસ્ત કરી છે. આ નીતિનો હેતુ ઘરેલું અને આંતરરાષ્ટ્રીય પ્રવાસ દરમિયાન વીમા કવચ સુનિશ્ચિત કરવાનો છે.

**અજિંક્યા રહાણેને 152 વર્ષ જૂનો 'જોની મુલાગ મેડલ' મળ્યો**

તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં રમાયેલ બીજી ટેસ્ટ મેચમાં અજિંક્યા રહાણેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે તેને ઐતિહાસિક મુલાગ મેડલ આપીને સન્માનિત કર્યો હતો. બીજી ટેસ્ટ મેચ પહેલાં ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ જાહેરાત કરી હતી કે મેચમાં શાનદાર દેખાવ કરનાર પ્લેયરને 'મુલાગ મેડલ'થી સન્માનિત કરવામાં આવશે. જોની મુલાગ વિદેશના પ્રવાસે જનારી પ્રથમ ઓસ્ટ્રેલિયન ટીમના સુકાની હતા. અજિંક્યા રહાણે 'જોની મુલાગ' મેડલ હાંસલ કરનારો પ્રથમ ક્રિકેટર બન્યો છે.

**આસામનું નવુ બિલ રાજ્ય સંચાલિત મદરેસાઓને નાબૂદ કરશે**

**આસામ રાજ્ય સરકારે** તાજેતરમાં એક બિલ રજૂ કર્યું હતું જે મુજબ રાજ્ય દ્વારા સંચાલિત તમામ **મદરેસાઓને નાબૂદ** કરવામાં આવશે અને **તેમને 1 એપ્રિલ, 2021થી શાળાઓમાં રૂપાંતરિત કરવામાં આવશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**શ્રી અમિત શાહે અરૂણ જેટલી સ્ટેડિયમમાં શ્રી અરૂણ જેટલીની પ્રતિમાનું અનાવરણ કર્યું**

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે તાજેતરમાં અરૂણ જેટલી સ્ટેડિયમમાં શ્રી અરૂણ જેટલીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. અરૂણ જેટલી સ્ટેડિયમને અગાઉ 'ફિરોજ શાહ કોટલા સ્ટેડિયમ' તરીકે ઓળખવામાં આવતુ હતુ. અરૂણ જેટલીની આ પ્રતિમા **પ્રસિદ્ધ શિલ્પકાર શ્રી રામ સુતાર** દ્વારા બનાવવામાં આવી છે.

**શ્રી નગરની અમર સિંહ કોલેજની સંરક્ષણ પરિયોજના માટે યુનેસ્કોનો પુરસ્કાર**

શ્રીનગરની અમરસિંહ કોલેજની સંરક્ષણ પરિયોજનાને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે યુનેસ્કોનો એશિયા–પેસિફિક પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

**BARC દ્વારા પ્રથમ વખત આંખોના કેન્સર માટે પ્લૈક ચિકિત્સા પદ્ધતિ વિકસાવવામાં આવી**

<u>ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC)</u> દ્વારા <u>ઓકયૂલર ટયૂમરના દર્દીઓ</u> માટે <u>પ્રથમ સ્વદેશી રૂથીનિયમ 106 પ્લૈક નામ</u>ની પદ્ધતિ વિકસાવવામાં આવી. આ પદ્ધતિમાં આંખોના કેન્સરના ઉપચાર માટે રેડિયો એકિટવ તત્ત્વ <u>રૂથેનિયમ-106</u>નો ઉપયોગ કરવામાં આવે છે.

**ઈસરોના અધ્યક્ષ કે. સિવનનો કાર્યકાળ 1 વર્ષ વધારવામાં આવ્યો**

કેન્દ્ર સરકારે ઈસરોના અધ્યક્ષ કે. સિવનનો કાર્યકાળ 1 વર્ષ માટે વધારી દીધો છે. તેઓ 14 જાન્યુઆરી, 2022 સુધી ઈસરોના અધ્યક્ષ તેમજ અંતરિક્ષ વિભાગના સચિવ તરીકે બન્યા રહેશે. કે. સિવનની ઈસરોના અધ્યક્ષ તરીકે નિમણૂક જાન્યુઆરી 2018માં કરવામાં આવી હતી. ઈસરોના અધ્યક્ષની નિમણૂક કેન્દ્રીય કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા કરવામાં આવે છે.

**પંજાબ વ્યાપક ડેટા નીતિ તૈયાર કરવાવાળુ ભારતનું પ્રથમ રાજ્ય**

પંજાબના મંત્રીમંડળે તાજેતરમાં પંજાબ રાજ્ય ડેટા નીતિને મંજૂરી આપી છે. આ નીતિનો ઉદ્દેશ પ્રગતિને ટ્રેક કરવાનો અને નાગરિકો સુધી સરકારી સેવાઓ સરળતાથી પહોંચાડવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

**માનવાધિકાર કાર્યકર બાનુક કરીમા બલોચ તાજેતરમાં કેનેડાના ટોરેન્ટો ખાતે મૃત અવસ્થામાં મળી આવ્યા હતા**

બાનુક કરીમા બલોચ બલુચિસ્તાનની સ્વતંત્રતા માટે અભિયાન ચલાવી રહયા હતા. વર્ષ 2016ની 100 પ્રેરણાદાયક અને પ્રભાવશાળી મહિલાઓની BBCની યાદીમાં બાનુક કરીમા બલોચનો સમાવેશ થયો હતો.

**જાપાન ફાઈવ આઈ નેટવર્કમાં જોડાશે**

ફાઈવ આઈ નેટવર્કમાં ઓસ્ટ્રેલિયા કેનેડા, બ્રિટન, યુ.એસ અને ન્યૂઝીલેન્ડ જેવા પાંચ રાષ્ટ્રોનો સમાવેશ થાય છે. આ એક ગુપ્તચર જોડાણ છે. જેની શરૂઆત એટલાન્ટિક ચાર્ટર આધારે થઈ છે.

## કાર રેસર હેમિલ્ટનને બ્રિટિશ કવીને 'સર'ની પદવી આપી

ફોર્મ્યુલા-1 કાર રેસર હેમિલ્ટનના નામની આગળ હવે સર લાગશે કેમ કે બ્રિટિશ કવીને તેને 'સર'ની પદવી સાથે સર્વોચ્ચ નાગરિક સન્માન 'નાઈટહૂડ'નો ખિતાબ આપ્યો છે. આવુ સન્માન મેળવનારા વ્યકિતના નામની આગળ 'સર' લગાવવામાં આવે છે.

## ICE ? Questions

- 'ખુશ્બુ ગુજરાત કી' મેગેઝીનમાં પ્રથમ પેજ પર તાજેતરમાં ગુજરાતના કયા સુપ્રસિદ્ધ સ્થળનો ફોટો પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો ? – ઈડરના ઈડરિયા ગઢનો
- દેશનું સૌથી મોટું એકવેરિયમ તથા ગ્લોબલ રોબોટિક ગેલેરી ગુજરાતના કયા સ્થળે નિર્માણ પામી રહયું છે ? – અમદાવાદની સાયન્સસિટી ખાતે
- ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીના નવા મેનેજિંગ ડિરેકટરપદે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી કે. સી. સંપત
- ઈસરોના અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડિરેકટર તરીકે તાજેતરમાં કયા ગુજરાતીની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી નિલેશભાઈ દેસાઈ
- તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે બુલિયન વોલ્ટ સર્વિસિસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો ? – ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં
- તાજેતરમાં 'ન્યૂ ઈનોવેશન ચેલેન્જ' કોના દ્વારા શરૂ કરવામાં આવી છે ? – જલ જીવન મિશન અને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT)
- INS કિલ્તાનને તાજેતરમાં કયા મિશન અંતર્ગત કંબોડિયા મોકલવામાં આવ્યું હતું ? – મિશન સાગર-III
- 'SAGAR'નું પૂરું નામ જણાવો ? – SAGAR :- Security and Growth for All in the Region
- તાજેતરમાં 'સ્ટાન્ડર્ડ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પોલિસી'ની દરખાસ્ત કોના દ્વારા કરવામાં આવી હતી ? – ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI)
- કયો દેશ 'ફાઈવ આઈ નેટવર્ક'માં જોડાશે ? – જાપાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ➢ વર્તમાનમાં 'ફાઈવ આઈ નેટવર્ક'માં કયાં કયાં દેશોનો સમાવેશ થાય છે ? – ઓસ્ટ્રેલિયા, કેનેડા, બ્રિટન, યુ.એસ. અને ન્યૂઝીલેન્ડ
- ➢ તાજેતરમાં કયા ક્રિકેટરને 152 વર્ષ જૂનો 'જોની મુલાગ મેડલ' આપવામાં આવ્યો હતો ? – અજિંક્યા રહાણે
- ➢ 'જોની મુલાગ મેડલ' મેળવનાર પ્રથમ ક્રિકેટરનું નામ જણાવો ? – અજિંક્યા રહાણે
- ➢ કયા રાજ્યમાં રાજ્ય દ્વારા સંચાલિત તમામ મદરેસાઓને નાબૂદ કરી, શાળાઓમાં રૂપાંતરિત કરવામાં આવશે ? – આસામ
- ➢ અરૂણ જેટલી સ્ટેડિયમમાં શ્રી અરૂણ જેટલીની પ્રતિમાનું અનાવરણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? – શ્રી અમિત શાહ દ્વારા
- ➢ અરૂણ જેટલી સ્ટેડિયમનું અગાઉ શું નામ હતું ? – ફિરોજ શાહ કોટલા સ્ટેડિયમ
- ➢ અરૂણ જેટલી સ્ટેડિયમમાં મૂકવામાં આવેલી શ્રી અરૂણ જેટલીની પ્રતિમાનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? – પ્રસિદ્ધ શિલ્પકાર શ્રી રામ સુતાર દ્વારા
- ➢ તાજેતરમાં શ્રીનગરની કઈ કોલેજને તેની સંરક્ષણ પરિયોજના માટે યુનેસ્કોનો એશિયા–પેસિફિક પુરસ્કાર આપવામાં આવ્યો હતો ? – અમરસિંહ કોલેજ
- ➢ તાજેતરમાં આંખોના કેન્સર માટે પ્લૈક ચિકિત્સા પદ્ધતિ કઈ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી છે ? – ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC)
- ➢ આંખોના કેન્સર માટેની પ્લૈક ચિકિત્સા પદ્ધતિમાં કયુ રેડિયો એક્ટિવ તત્વ વપરાય છે ? – રૂથેનીયમ-106
- ➢ તાજેતરમાં ઈસરના અધ્યક્ષ કે સિવનનો કાર્યકાળ કેટલો વધારવામાં આવ્યો ? – 1 વર્ષ
- ➢ વ્યાપક ડેટા નીતિ તૈયાર કરવાવાળું ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – પંજાબ
- ➢ બલુચિસ્તાનની સ્વતંત્રતા માટે કાર્ય કરનાર કયા માનવાધિકાર કાર્યકરનું તાજેતરમાં કેનેડાના ટોરન્ટો ખાતે નિધન થયું હતું ? – બાનુક કરીમા બલોચ
- ➢ બ્રિટિશ કવીને તાજેતરમાં કયા કાર રેસરને 'નાઈટહૂડ'નો ખિતાબ આપ્યો હતો ? – હેમિલ્ટન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. તાજેતરમાં ભૂતપૂર્વ ક્રિકેટર રોબિન જેકમેનનું નિધન થયું હતું, તેઓ કયા દેશ વતી ક્રિકેટ રમતા હતા ? – ઈંગ્લેન્ડ
(ક્રિકેટર રોબિન જેકમેનનો જન્મ ભારતમાં શીમલા ખાતે થયો હતો.)
2. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 100મી ટેસ્ટ ક્રિકેટમેચ યોજાઈ હતી, આ ક્રિકેટ મેચનું આયોજન કયા ક્રિકેટના મેદાન પર કરવામાં આવ્યું હતું ?
– ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે
3. દેશમાં સૌથી નાની ઉંમરે મેયર બનવાનો રેકોર્ડ કોણે નોંધાવ્યો ? – આર્યા રાજેન્દ્રન
(આર્યા રાજેન્દ્રન 21 વર્ષની વયે તિરૂવનંતપુરમમાં દેશના સૌથી યુવાન મેયર બન્યા છે.)
4. વાઈલ્ડ સન રોઝની તાજેતરમાં કઈ નવી પ્રજાતિ મળી આવી ? – પોર્ટુલાકા લાલજી
(પોર્ટુલાકા લાલજી નામની વાઈલ્ડ સન રોઝની નવી પ્રજાતિ આંધ્રપ્રદેશમાં મળી આવી હતી. આ પ્રજાતિનું નામ પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી લાલજી સિંહના નામ પરથી રાખવામાં આવ્યું હતું.)
5. ગ્લોબલ સોકર એવોર્ડ્સમાં પ્લેયર ઓફ ધ સેન્ચ્યુરીથી કયા ફૂટબોલના ખેલાડીને સન્માનિત કરવામાં આવ્યો ? – ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (પોર્ટુગલ)
(ગ્લોબલ સોકર એવોર્ડ્સીમાં રિયલ મેડ્રિડ કલબ ઓફ ધ સેન્ચ્યુરી બની.)
6. ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ તાજેતરમાં કોને સોંપવામાં આવ્યું ? – શ્રી પ્રકાશ શાહ
7. થૌબલ મલ્ટીપર્પઝ પ્રોજેકટનું ઉદઘાટન તાજેતરમાં ગૃહમંત્રી શ્રી અમિતશાહે કયા કર્યું હતું ?
– ઈમ્ફાલ (મણિપુર)
8. કયા રાજ્યના શાળાના અભ્યાસ ક્રમમાં શીખ ગુરૂઓના ઈતિહાસનો સમાવેશ કરવામાં આવશે ? – ઉત્તરપ્રદેશ
9. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા ધાર્મિક સ્વતંત્રતા વિધેયક 2020ને પસાર કરવામાં આવ્યું હતું ?
– મધ્યપ્રદેશ
10. જનતા દળ (યુનાઈટેડ)ના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
– શ્રી રામચંદ્ર પ્રસાદ
(જનતા દળ (યુનાઈટેડ) મુખ્યરૂપથી બિહાર અને અરૂણાચલપ્રદેશ જેવા રાજ્યોમાં રાજ્ય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

પાર્ટી છે.)

11. સેંટર ફોર બિઝનેસ એન્ડ ઈકોનોમિક રિસર્ચ (CBER) અનુસાર ભારત કયા વર્ષ સુધીમાં વિશ્વની 5મી મોટી અર્થવ્યવસ્થા બનશે ? – વર્ષ 2025

(CBER અનુસાર ભારત વર્ષ 2030 સુધીમાં વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનશે. CBERએ લંડનમાં આવેલ થિંકટેંક છે.)

12. તાજેતરમાં કાય રાજ્યએ તેની શાળાઓમાં 27 ડિસેમ્બરને 'સાહિબજાદા દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી ? – ઉત્તરપ્રદેશ

13. તાજેતરમાં દીવના કયા બીચ ઉપર બ્લુ ફ્લેગ–બીચનું ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું ? – ઘોઘલા બીચ

(ડેનમાર્કની સંસ્થા ફાઉન્ડેશન ઓફ એન્વાયર્મેન્ટ એજ્યુકેશન (FEE) દ્વારા ઘોઘલા બીચને આંતરરાષ્ટ્રીય બ્લૂ ફ્લેગ સર્ટિફિકેટ મળ્યું છે.)

14. તાજેતરમાં ભારતની સૌથી નાની વયે મેયર બનનારી કેરળની આર્યા રાજેન્દ્રન કઈ રાજકીય પાર્ટીના સભ્ય છે ? – કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા માર્ક્સિસ્ટ

15. તાજેતરમાં સોનુ સૂદે કયા નામે તેમની આત્મકથા પ્રકાશિત કરી હતી ? – I am no Messaih (હું કોઈ મસીહા નથી.)

(આ બુકના સહ–લેખક મીના ઐયર છે.)

16. તાજેતરમાં કેન્દ્ર સરકારે કયા પાકની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો હતો ? – ડુંગળી

17. તાજેતરમાં ભારતીય રેલવે દ્વારા કયા સ્થળ પર રેલ કોચ ફેકટરીનું અનાવરણ કરવામાં આવ્યું હતું ? – મહારાષ્ટ્રના મરાઠાવાડમાં

18. ભારતના પ્રથમ સોશિયલ ઈમ્પેકટ બોન્ડ્સ કોની વચ્ચે થયા હતા ?
– પિમ્પરી ચિંચવાડ મ્યુનિસિપલ કોર્પોરેશન (PCMC) અને યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP)

(સોશિયલ ઈમ્પેકટ બોન્ડને 'પે ફોર સકસેસ બોન્ડ' અથવા 'પે ફોર સકસેસ ફાઈનાન્સિંગ' તરીકે પણ ઓળખવામાં આવે છે. સોશિયલ ઈમ્પેકટ બોન્ડ મૂળભૂત રીતે પબ્લિક સેકટર ઓથોરિટી સાથેનો કરાર છે જે વધુ સારા સામાજિક પરિણામો માટે ચૂકવણી કરે છે. આ કરાર નાગરિકોના વિશિષ્ટ જૂથોને લક્ષ્યાંકિત કરી તેને સુધારવાનો પ્રયત્ન કરે છે.)

19. ગુજરાત રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે રૂ. 3,500 કરોડની ગુજરાત

INSTITUTE FOR COMPETITIVE EXAMS

સરકારની 'કિસાન સૂર્યોદય યોજના'નો વડાપ્રધાનશ્રીએ ગુજરાતના કયા સ્થળેથી વર્ચ્યુઅલી શુભારંભ કરાવ્યો હતો ? – જૂનાગઢ ખાતેથી

(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 ઓકટોબર, 2020નાં રોજ જૂનાગઢ ખાતેથી 'કિસાન સૂર્યોદય યોજના'નો વર્ચ્યુઅલી શુભારંભ કરાવ્યો હતો. જેમાં પ્રાથમિક તબક્કે દાહોદ, જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લાના 1,055 ગામડાને આવરી લઈ એક લાખ ખેડૂતોને તેનો લાભ અપાયો હતો.)

20. તાજેતરમાં ઉત્તરાખંડના રાજયપાલશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી, ઉત્તરાખંડના રાજયપાલશ્રીનું નામ જણાવો ? – શ્રીમતી બેબી રાની મૌર્ય

21. તાજેતરમાં પિયરી કાર્ડિનનું 98 વર્ષની વયે નિધન થયુ હતું, તેઓ કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ફેશન ઉદ્યોગ

22. તાજેતરમાં વર્ષ 2020નો પ્રતિષ્ઠિત એન્જિનિયર પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો હતો ? – શ્રી વી. કે. યાદવ

(શ્રી વી. કે. યાદવ રેલવે બોર્ડના અધ્યક્ષ અને CEO છે. તેઓને આ પુરસ્કાર રેલવેમાં આધુનિકીકરણ અને કરવામાં આવેલા વિભિન્ન સુધારાઓને કારણે આપવામાં આવ્યો છે. પ્રતિષ્ઠિત એન્જિનિયર પુરસ્કાર ઈન્સ્ટિટયૂશન ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી (IET) દ્વારા આપવામાં આવે છે.)

23. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે બહારના અંતરિક્ષના શાંતિપૂર્ણ ઉપયોગ માટે સહયોગ માટે હસ્તાક્ષર કર્યા છે ? – ભૂતાન

24. તાજેતરમાં ઝોકુવેલીમાં ભયાનક આગ લાગી હતી, તે કયા આવેલી છે ? – મણિપુર–નાગાલેન્ડ સરહદ પર

25. તાજેતરમાં શ્રી મુકેશભાઈ અંબાણીને પાછળ રાખી એશિયાના સૌથી વધુ અમીર વ્યકિત કોણ બન્યું છે ? – ચીનના ઝોંગ શાનશાન

(ચીનના ઝોંગ શાનશાન બેવરેજીસ અને બોતલબંધ પાણીનો બિઝનેસ કરી રહયાં છે.)

26. વર્ષ 2021માં અમદાવાદ ખાતે કેટલામો 'સપ્તક સંગીત સમારોહ' યોજાઈ રહયો છે ? – 41મો

27. કોલાર લીફ–નોઝ્ડ ચામાચિડીયા ભારતમાં કયા જોવા મળે છે ? – કર્ણાટકના કોલાર જિલ્લાની ગુફાઓમાં

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**28.** તાજેતરમાં ભારતીય સેનાના જનરલ મનોજ મુકુંદ નરવણેને કયા દેશનો 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યો હતો ? – દક્ષિણ કોરિયા

**29.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવા વર્ષના પ્રારંભે કઈ કવિતા લખી ટ્વિટર પર શેર કરી હતી ? – 'અભી તો સૂરજ ઉગા હૈ'

**30.** કોવિડ-19ની કઈ રસીને આપાત સ્થિતિમાં ઉપયોગની મંજૂરી સૌપ્રથમ ભારતમાં આપવામાં આવી હતી ? – કોવિશિલ્ડ

(કોવિશિલ્ડ ઓકસફોર્ડની વેકિસન છે જેનું ભારતમાં ઉત્પાદન સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવી રહયું છે.)

**31.** ગર્ભપાતને કાયદેસરતા તાજેતરમાં કયા લેટિન અમેરિકન દેશે આપી હતી ? – આર્જેન્ટિના

(નવા કાયદા હેઠળ આર્જેન્ટિનાએ ગર્ભાવસ્થાના 14મા અઠવાડિયા સુધી ગર્ભપાતને મંજૂરી આપી છે. ભારતમાં મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (અમેન્ડમેન્ટ) એકટ, 2020 મુજબ 24મા અઠવાડિયા સુધીના ગર્ભાવસ્થાના ગર્ભપાતની કાયદેસરતા છે.)

**32.** કયું રાજ્ય ખેડૂતોની આવક બમણી કરવા માટે 'કિસાન કલ્યાણ મિશન' શરૂ કરશે ? – ઉત્તરપ્રદેશ

**33.** અવકાશી ભંગારની સમસ્યા ટાળવા કયો દેશ લાકડાના સેટેલાઈટ બનાવવાની યોજના ઘડી રહયો છે ? – જાપાન

**34.** તાજેતરમાં ભારત કયારથી ફરી એકવાર સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)નું અસ્થાયી સભ્ય બન્યું છે ? – 1 જાન્યુઆરી, 2021

(ભારત યુએન સલામતી સમિતિના અસ્થાયી સભ્ય તરીકે 2 વર્ષ સુધી રહેશે.)

**35.** તાજેતરમાં કયા દેશે 'એકતાની ભાવના' દર્શાવવા તેના રાષ્ટ્રગીતમાં એક શબ્દ બદલ્યો હતો ? – ઓસ્ટ્રેલિયા

(એકતાની ભાવના દર્શાવવા ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રગીતમાં એક શબ્દ બદલવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયન રાષ્ટ્રગીતની બીજી પંકિત 'ફોર વી આર યંગ એન્ડ ફ્રી'થી બદલી 'ફોર વી આર વન એન્ડ ફ્રી' કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાનું રાષ્ટ્રગીત 'એડવાન્સ ઓસ્ટ્રેલિયા ફેયર' છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS